નિદ્રા-ત્યાગ

અથવા

પહેલી ચાર કાળીપરજ પરિષદોના અહેવાલો

મૂલ્ય ૦-૨-૦

બે બોલ

કુંભકર્ણને આંટે એવી સૈકાઓની ગાઢ નિદ્રામાંથી જાગ્યા પછીનાં ૪ વર્ષમાં મળી ગયેલી ચાર કાળીપરજ પરિષદોનો અહેવાલ પ્રકટ કરતાં અમને આનંદ થાય છે. ત્રીજી પરિષદની કાર્યવાહીની નોંધ રીતસર રહેલી હોવાથી તેનો અહેવાલ જરા સવિસ્તર આપ્યો છે.

આ અહેવાલ પ્રકટ કરવામાં અમારા બે હેતુ છે. પરિષદના કામની નોંધ જળવાયલી રહે, અને મહાત્માજી વગેરે મહાપુરૂષોની સમક્ષ આપણે કરેલા ઠરાવો અને પ્રતિજ્ઞાનું આપણને વિસ્મરણ ન થાય.

કાળીપરજ પરિષદની ઉત્પત્તિ વિષે બે શબ્દ આ સ્થળે નોંધવા જરૂરી છે. ૧૯૨૨-૨૩માં દૈવી પ્રેરણાથી 'માતાનો પવન' અમારી આખી કોમમાં ફેલાયો. એ પવને અમને આત્મશુદ્ધિને પંથે ચડાવ્યા. ગામનાં ગામ તાડી દારૂ અને માંસ મચ્છી છોડીને તેમજ દરરોજ ન્હાવા ધોવાનું અને ઘર આંગણાં સાફ રાખવાનું શીખીને ચોખ્ખાં થયાં, પાછળથી અમે દુર્વ્યસનમાં ડૂબેલાજ રહીએ તેમાં જેમનો સ્વાર્થ સમાયલો હતો તેવા વર્ગે કરાવેલા બુદ્ધિભેદથી અમારામાંના કેટલાક 'ભકતાઇ' કરાવનાર 'ભગતો'એ કોમને અવળે રસ્તે ચઢાવવા માંડી, તો પણ દરેક ગામમાં અમુક ઘરો-જેમાં મહાત્માજીના રેંટિયાનો પ્રવેશ થયો હતો તે ઘરો કાયમનાં ચોકખાં થઇ ગયાં. આવા બુદ્ધિભેદ કરાવનારાઓના વિષે અમારી કોમને પ્રથમથીજ ભય હતો. અને તેથી માતાનો પવન પૂર જોસથી ફેલાતો હતો ત્યારે સ્થળે સ્થળે શુદ્ધને માટે અમારી કોમની સભાઓ મળતી અને તે માટે માંડવાઓ રચાતા. એ માંડવામાં બુદ્ધિભેદ કરાવનારથી બચવાના સાવચેતીના પગલાં તરીકે

કોઇ પણ ઉજળિયાત કોમના માણસને દાખલ કરવામાં આવતા નહોતા. માત્ર ગાંધીજીના માણસો માટે છુટ રખાઇ હતી. એવી મહીની એક સભામાં બારડોલી સ્વરાજ્ય આશ્રમવાળા શ્રી કેશવભાઇ પધાર્યા અને શેખપુરની સભામાં કુંવરજીભાઇને સાથે લાવવાનું તેમને આમંત્રણ અપાયું. શેખપુરમાં મોટી સભા મળી અને ઉપરના બન્ને ભાઇઓ ત્યાં હાજર રહ્યા. તેમની સલાહ અને મદદથી અમારી વારંવાર અને ભિન્ન ભિન્ન સ્થળે અનિયમિત રીતે મળનારી સભાઓને પરિષદનું વ્યવસ્થિત રૂપ આપવામાં આવ્યું અને શ્રી. વલ્લભભાઇના પ્રમુખપદે પહેલી ૨૦-૨૧ હજારની હાજરીવાળી વિરાટ પરિષદ શેખપુરમાં મળી. એ અને તે પછી મળેલી બીજી ત્રણ પરિષદોના અહેવાલ આજે પ્રકટ કરીએ છીએ.

આ અહેવાલ પ્રકટ કરવા માટે બારડોલી તાલુકા સમિતિએ રૂ. ૯૦ સુધીની મદદ કરી અમારી પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું છે તે માટે અમે સમિતિના આભારી છીએ. એ મદદ વિના અહેવાલ છપાવવાનું કદાચ બની શકત નહિ.

આ અહેવાલનો દુરૂપયોગ ન થાય અને કોને આપવો અને કોને ન આપવો તેની માથાફોડમાંથી ઉગરી જવાના હેતુથી એની ૦-૨-૦ કિમ્મત રાખવામાં આવી છે.

લી. સેવકો
ગોમજી લાલા ચોધરી
સોમા બાબર
રૂપજી જોશીઆ
મંત્રીઓ, ત્રીજી કાળીપરજ પરિષદ

કાળીપરજ સ્વરાજ્ય આશ્રમ,
વેડછી
ફાગણ સુદ ૧, સં. ૧૯૮૩

પહેલી કાળીપરજ પરિષદ

સ્થળ: શેખપુર, તા. મહુવા.
દિવસ:–તા. ૨૧ મી જાન્યુઆરી, ૧૯૨૩
પ્રમુખ:–શ્રી વલ્લભભાઇ ઝવેરભાઇ પટેલ.
સ્વાગત મંડળ:–સુખાભાઇ નાનાભાઇ, બાવસિંગભાઇ જોગલા,
સામલાભાઇ વેસ્તાભાઇ
સંખ્યા:-લગભગ ૨૦ હજાર.
સંભાવિત ગૃહસ્થો:-

પરિષદમાં પ્રમુખ શ્રી સાથે નીચેની સંભાવિત વ્યક્તિઓએ હાજરી આપી હતી.

પૂ૦ માતુશ્રી કસ્તુરબા ગાંધી, શ્રી દયાળજી ભાઇ, શ્રી કુંવરજીભાઇ, શ્રી કેશવભાઇ, શ્રી કલ્યાણજીભાઇ, શ્રી ભાઇશંકરભાઇ ઇત્યાદિ.

પરિષદના ઠરાવો:–

ઠરાવ ૧ લો.–સુરત જીલ્લા, નવસારી પ્રાન્ત અને વાંસદા રાજ્યના કાળીપરજના લોકોની આ પરિષદ પોતાની સામાજિક, ધાર્મિક, રાજદ્વારી અને આર્થિક ઉન્નતિને સારૂ કાળીપરજ સેવાસંઘ સ્થાપન કરવાનો ઠરાવ કરે છે અને તેના હેતુનો અમલ કરવા સારૂ એક મઢીમાં તથા બીજો શેખપુરમાં એમ બે કાળીપરજ આશ્રમો સ્થાપવાનો નિશ્ચય કરે છે. તથા તેની ગોઠવણ કરવા નીચેના સભ્યોની કાર્યવાહક સમિતિ નીમે છે.

શ્રી. સુખાભાઇ નાનાભાઇ (શેખપુર)
" ખુશાલભાઈ કાળુજી (ધોળીકુઇ)
" જેરામભાઇ હરિભાઇ (મૂડત)
" દેવાભાઇ પ્રભુભાઇ (ફુલવાડી)
" કેશવભાઇ ગણેશજી (બારડોલી)
" કુંવરજી વિઠ્ઠલભાઇ (બારડોલી)
" કાલાભાઇ ગોપાળજી દેસાઇ (મહુવા)

ઠરાવ ૨ જો—સુરત જીલ્લો, નવસારી પ્રાંત તથા વાંસદા રાજ્યના કાળીપરજના લોકોની આ પરિષદ, સમાજે તાડી દારૂના વ્યસનમાંથી છુટવા જે પ્રવૃત્તિ આદરી છે તે તરફ પોતાનો સંતોષ જાહેર કરે છે અને સુરજને સાક્ષી રાખીને ઠરાવ કરે છે કે તાડી દારૂનો સર્વથા ત્યાગ કરવો અને સમાજને કાયમને માટે તાડીદારૂના વ્યસનમાંથી બચાવવા હાલ તરત નીચેના ઉપાયો લેવા:

(૧) વ્યસનીઓને વ્યસનમાંથી છોડાવવા તેમના ઉપર નૈતિક અને સામાજીક દબાણ કરવું.

(૨) મજુરીનાં અને તાડના નવાં ઉગતાં તથા ફળતાં ઝાડ પોતાની માલકીનાં હોય તો તે ખોદી કાઢવાં.

(૩) જુદે જુદે સ્થળે ભરાતા હાટવાડાઓ બંધ કરવા.

ઠરાવ ૩ જો—સુરત જીલ્લો, નવસારી પ્રાંત તથા વાંસદા રાજ્યના કાળીપરજના લોકોની આ પરિષદ ઠરાવ કરે છે કે પરદેશી કપડાનો સદાને માટે બહિષ્કાર કરવો અને તેનો અમલ કરવા દરેક ઘરમાં રેંટિયો દાખલ કરી હાથે કાંતેલા તથા હાથે વણેલા કાપડનો ઉપયોગ કરવો અને તે સારૂ ખપ પૂરતો કપાસ એટલે એક માણસ દીઠ ૧૫થી ૨૦ શેર કપાસ દરેકે ઘેરે સંઘરવો.

ઠરાવ ૪ થો—ગળામાં પથ્થરનાં ઘરેણાં પહેરવાનું બંધ કરવું. આ ઠરાવનો તરતજ અમલ કરવો તેમજ હાથ પગમાં પહેરવાનાં કડખાં પણ બંધ કરવાં.

ઠરાવ ૫ મો—કાળીપરજની આ પરિષદ ઠરાવ કરે છે કે દારૂ તાડી બંધ કરવા જે જુદી જુદી પ્રવૃત્તિ કરી છે તેને ઉત્તેજન આપવા શ્રીમંત ગાયકવાડ સરકારને અને વાંસદાના મહારાજા સાહેબને કાળીપરજના ગામેથી દારૂ તાડીનાં પીઠાં તદ્દનજ ઉઠાડી લઇ ગરીબ પ્રજાના આશીર્વાદ લેવા વિનંતિ કરવી.

ઠરાવ ૬ ઠો—કાળીપરજના લોકોની આ પરિષદ ઠરાવ કરે છે કે તાડી દારૂનો ધંધો કરનારને પટલાઇનો હોદ્દો આપવાથી તેના ધંધાના લાભ માટે ગેરવ્યાજબી દબાણ કરવાનું તેને સાધન પ્રાપ્ત થતું હોવાથી તેવા ધંધાવાળાના હાથમાં પટલાઇ નહિ આપવા અને કાળીપરજના ગામમાં કાળીપરજ પૈકીનાજ લાયક ગૃહસ્થને પટેલાઇ આપવા ઘટતાં પગલાં ભરવા શ્રીમંત ગાયકવાડ સરકારને અને વાંસદાના મહારાજા સાહેબને વિનંતી કરવી.

આભાર:—મેમાનો માટે ઉતારા વગેરેની ગોઠવણ મહુવાના દેસાઈજીને ત્યાં ઉત્તમ રીતે થઈ હતી તે બદલ પરિષદનું સ્વાગતમંડળ તેમનું અને બીજા અનેક સહાયકોનું આભારી છે.

વાંસદાના મહારાજા સાહેબની સહાનુભૂતિ.

પરિષદના ઠરાવ પૈકી ૬ ઠ્ઠો તથા ૭ મો ઠરાવ પ્રમુખશ્રીએ શ્રીમંત ગાયકવાડ સરકાર તથા વાંસદાના મહારાજા સાહેબ ઉપર મોકલી આપ્યો હતો. તે પૈકી વાંસદાના મહારાજા સાહેબનો સહાનુભૂતિદર્શક મળેલો જવાબ આ નીચે આપીએ છીએ.

વાંસદા
તા. ૨૦-૩-૧૯૨૩

મહેરબાન સાહેબ,

વિનતિ કે આપના, શેખપુરમાં ભરાયેલી કાળીપરજ પરિષદના પ્રમુખના હોદ્દાની રૂએ શ્રીમંત મહારાજા સાહેબ પ્રતિ લખાયેલા બન્ને પત્રો પરિષદોના ઠરાવોની નકલો સાથે મળ્યા તેને માટે તેઓશ્રી આપનો ઉપકાર માને છે.

પ્રત્યુત્તરમાં વિદિત કરવાનું કે ઉક્ત પરિષદ અસ્તિત્વમાં આવી, તેમજ દારૂ તાડીના પરિત્યાગની કાળીપરજના લોકોમાં જાગૃતિ અને પ્રવૃત્તિ આવી તે પૂર્વેથીજ શ્રીમંત મહારાજા સાહેબ લોકોની એવી સાંસારિક સુધારણા પ્રત્યે સહાનુભૂતિની દૃષ્ટિથી જોતા આવ્યા છે અને તે બાબતમાં યોગ્ય ઉત્તેજન આપતા આવ્યા છે અને તે લોકોની પ્રવૃત્તિપશ્ચાત પણ તે પ્રત્યે તેવીજ સહાનુભૂતિની દૃષ્ટિ રાખવામાં આવે છે અને તદનંતર પણ તેઓશ્રી તે બાબતમાં યોગ્ય કરવા તત્પર રહેશે.

(સહી) **Rana D. Sisodia.**
પ્રાઇવેટ સેક્રેટરી, વાંસદા સ્ટેટ.

બીજી પરિષદ

સ્થળ: ડોસવાડા, તા૦ સોનગઢ
દિવસ: સં. ૧૯૭૯ ફાગણ સુદ ૮ રવિ. તા. ૨૫ ફેબ્રુઆરી, ૧૯૨૩
પ્રમુખ: પૂજ્ય માતુશ્રી કસ્તુરબા ગાંધી.
સંખ્યા: લગભગ ૬-૭ હજાર.

સંભાવિત ગૃહસ્થો:

દલિત કોમોના સેવક શ્રી અમૃતલાલ ઠક્કર, ગં. સ્વ૦ ગંગાબ્હેન મજુમદાર, દયાળજીભાઇનાં માતુશ્રી ગં. સ્વ૦ ગંગા બા, શ્રી કલ્યાણજીભાઇ, શ્રી રામદાસ ગાંધી, બારડોલી આશ્રમવાળા શ્રી કુંવરજી, અને કેશવભાઇ, નવસારીવાળા શ્રી વામનરાવ તામનકર, ભાઇશ્રી હરિ રાવજી ચાંદોરીકર, શ્રી ગુલાબભાઇ ઝવેરી, શ્રી શાપુરજી ગોટલા; 'સમાચાર' ના તંત્રી શ્રી મગનલાલ વિદ્યાર્થી, સોનગઢવાળા શ્રી છેલશંકર વિશ્વનાથ જોષી, શ્રી ભાઇશંકરભાઇ અને શ્રી જયાભાઇ વિ. જોષી વગેરે.

પ્રમુખનું ભાષણ:—

બ્હેનો અને ભાઇઓ,

તમે ચાર માસ અગાઉ દારૂ તાડી ન પીવાની લીધેલી પ્રતિજ્ઞાને મક્કમપણે વળગી રહેજો. મારા સાંભળવામાં આવ્યું છે કે તમે પારસી લોકોને ત્યાં ખેતી વગેરે કામે પણ જતા નથી તેથી તેમની ખેતી પડી રહે છે અને મોટું નુકસાન થાય છે. થોડા પારસી દારૂ વેચતા હોય કે જુલમ તથા લાલચથી તમારી પ્રતિજ્ઞા તોડાવવા મથતા હોય તેથી બધાજ પારસીને ત્યાં ખેતીવાડીનાં જેવાં કામ કરવા ના પાડવી ન જોઇએ. અલબત દારૂતાડી નહિ પીવાનો ઠરાવ તમે હરગીઝ છોડતા નહિ. પારસીઓ એ બુરો ધંધો ન છોડે તો પણ તમારે તો મક્કમ રહી દારૂતાડી ન જ પીવાં. સરકાર ધારે તો એ ધંધો બંધ પડાવી શકે. પણ એને કયાં આપણી દાઝ છે! તમે રેંટિયો વસાવો અને ખાદી જ પહેરતાં થઇ જાઓ તો તમે સુખી થશો ને દેશની સેવામાં પણ ફાળો આપી શકશો. વલ્લભભાઇ આજે મહાસભાના કામે અલ્હાબાદ ગયા છે તેથી આવી શકયા નથી પણ તેમણે તમારે માટે સંદેશો મોકલ્યો છે તે કલ્યાણજીભાઇ તમને વાંચી સંભળાવશે. એમનો સંદેશો ઝીલી તે પ્રમાણેના ઠરાવો કરશો અને વર્તશો. ભગવાન તમારૂં ભલું કરો.

શ્રી વલ્લભભાઇનો સંદેશો

કાળીપરજના ભાઇઓ તથા બ્હેનો,

મહાસભાના અગત્યના કામને અંગે અલ્હાબાદ જવાનું થવાથી હું આ પરિષદમાં હાજર થઇ શકતો નથી તથી દિલગીર છું. તમારી કોમમાં જે

જાગૃતિ આવી છે તેથી તમારી આસપાસ વસતા અન્ય કોમના લોકો ચકિત થયા છે. ઘણા રાજી થયા છે. કેટલાક શંકાની નજરથી જુએ છે. અને કેટલાક દીલગીર થયા છે. અને કેટલાકને હજી સમજ પડતી નથી. તમે ઘોર નિદ્રામાંથી જાગો છો એટલે સંભાળીને ચાલજો. દોડવા જશો તો અથડાઇ પડવાનો સંભવ છે. તમને દારૂ તાડીના દુર્વ્યસનોથી છોડાવવા ગઇ સાલ દારૂની દુકાનો ઉપર પહેરા ભરવાનું અને ઉપદેશ કરવાનું કામ ઘણાં બાઇબ્હેનોએ ભારે ત્રાસ વેઠીને કરેલું છતાં તે વખતે જે પરિણામ ન મેળવી શકાયું તે આ વખતે પ્રભુ ઇચ્છાથી થયું છે. તેને જો તમે સંભાળથી કાયમ કરી જાળવશો તો તમારી કોમ ભારે દુઃખમાંથી છુટી જશે. જેટલી ઝડપથી તમે આ ભયંકર વ્યસનનો ત્યાગ કર્યો છે તેટલી દૃઢતાથી તમે ત્યાગને કાયમનું સ્વરૂપ આપશો તોજ તમારૂં કલ્યાણ છે.

તમારો બીજો સંયમ પણ ભારે છે. માંસાહાર છોડયો એ પણ ભારે કામ કર્યું; ન્હાવા ધોવાનું અને ઘરબાર સ્વચ્છ રાખવાનું કર્યું એ પણ ઉત્તમ છે પણ ભાજી તરકારી ન ખાવી અને ઘી છાસ દહીં ન કરવું અને દૂધ પી જવું એવા આકરા નિયમો પાળવા કઠણ જ પડવાના, માટે જે નિયમો કોમને ભારે પડે, જે નહિ પાળવામાં પાપ નહિ હોય એવા કઠણ સંયમો પાળવાનો આગ્રહ ન થાય તે ઠીક.

વળી પારસી ભાઇઓની અને મુસલમાનની જમીન ન ખેડે અગર તેમને ત્યાં મજુરીએ ન જવું એવો નિર્ણય કર્યો છે તે પણ આકરો દેખાય છે. અને તેમાં ન્યાય છે કે અન્યાય એ પણ વિચારવા જેવું છે. દારૂતાડી વગેરે ખરાબ વ્યસનમાં ફસાવાની લાલચો કે ધમકી આપે એવા ગમે તે હોય તેનો ત્યાગ કરવો. પછી તે પારસી હોય કે મુસલમાન હોય કે હિન્દુ હોય. પણ કેટલાક પારસી દારૂનો વેપાર કરે છે તેથી તમામ પારસી ભાઇઓનો બહિષ્કાર કરવો એમાં ભારે અન્યાય છે. એટલું જ નહિ પણ તેમાં દ્વેષ અને ઝેર રહેલું છે. એ મહાત્માજીના શિક્ષણથી વિરૂદ્ધ છે એટલે તમે જે કામ કરો તેમાં બુદ્ધિનો ઉપયોગ કરો. કાળીપરજમાં કામ કરનાર ભાઇઓ પણ મારી આ સલાહ ખાસ ધ્યાનમાં રાખે. હિન્દુઓમાં પણ દુષ્ટ માણસો છે. સારા ખાનદાન પારસી ભાઇઓ અને મુસલમાન ભાઇઓનો બહિષ્કાર કેમ થઇ શકે ?

ખજુરીનાં ઝાડ કાપવાનો ઠરાવ કરેલો છે તેથી નામદાર ગાયકવાડ સરકારના કોઇ કાયદા અગર નિયમનો બાધ આવતો હોય તો ઉતાવળ નહિ કરતાં અમલદારોને મળી, તેમને અરજ કરી આપણો શુદ્ધ હેતુ સમજાવવા પ્રયાસ કરજો અને છતાં તેમને સમજાવી ન શકાય તો ઉતાવળ ન કરશો.

ઠરાવ મોકુફ રાખજો અને હું આવીને અમલદારોને મળી તેમને સમજાવવા પ્રયાસ કરીશ. આપણો હેતુ સરકારના મહેસુલને નુકસાન પહોંચાડવાનો નથી પણ ફક્ત આપણી સામે ઉભેલી વ્યસનની લાલચ ખસેડવાની જરૂર છે. એ વાત તેમના દીલમાં વસે તો જરૂર તેઓ આપણને ન રોકે.

પૂજ્ય માતુશ્રી કસ્તુરબા તમારી પરિષદમાં હાજર છે તેમના આશીર્વાદથી તમારૂં ભલું થશે. હું તમારી પરિષદની ફતેહ ઇચ્છું છું. પ્રભુ તમને આ પુણ્ય કાર્યમાં સહાય કરો એવી પ્રાર્થના કરૂં છું.

ઠરાવો:

શેખપુર પરિષદના બીજા સિવાયના સઘળા ઠરાવો મૂકાયા અને પસાર થયા.

બીજા ઠરાવમાં ખજુરી અને તાડનાં ઝાડ ઉખેડી કાઢવાનું છે તે વિષે ગાયકવાડી અમલદારોએ એ ઝાડોની માલકી સરકારની હોવાનું જણાવી તેનો નાશ કરનાર, પોલિસ નિબંધ મુજબ ગુન્હાને પાત્ર થશે એવો હુકમ બહાર પાડ્યો છે તેથી સત્ય હકીકતનો નિર્ણય થાય ત્યાં સુધી ગાયકવાડી હદમાં એવાં ઝાડો નહિ ઉખેડવાની સલાહ અપાઇ. તે ઉપરાંત બ્યારા, મઢુવા અને સોનગઢની પેઠે સીંગપોર અને સદડવેલમાં વધુ બોર્ડિંગ સ્થાપવા, તથા કાળીપરજ સહકારી મંડળ સ્થાપવાની જરૂરિયાત દર્શાવનારા ઠરાવ થયા હતા.

ઉપસંહાર:—

પ્રમુખશ્રી તરફથી શ્રી અમૃતલાલ ઠક્કરે ઉપસંહાર કરતાં જણાવ્યું કે દારૂ તાડી નહિ પીવાની પ્રતિજ્ઞાને મજબુત વળગી રહેજો. માતાની આજ્ઞા તે ઇશ્વરી આજ્ઞા છે, એમ માનીને આગળ વધશો તોજ તમારાં કામ થશે. એ પ્રતિજ્ઞાપાલનમાં કેવાં કેવાં સંકટો આવવાનાં છે તેનો દાખલો અકાલીઓ ઉપર વરસતા સીતમનો તાજોજ છે. પણ એથી ન ડરતાં અકાલીઓની જેમ અહિંસકપણે દૃઢ રહેજો. પારસી, મુસલમાનોની કે બીજા કોઇની પણ નોકરી કરવી કે નહિ તે તમારી મુન્સફીનો સવાલ છે. તમો તેમને ત્યાં પીવા નહિ જાઓ તો એની મેળે એ ભાઇઓ સમજશે. પણ તેમના તરફ દ્વેષ રાખશો નહિ. પ્રભુ સર્વને તેમના કર્મનું ફળ આપી રહ્યો છે અને આપશે. તમે પ્રતિજ્ઞામાં મક્કમ રહી બીજાને તમારૂં અનુકરણ કરતાં શીખવો એ છેવટની વિનંતિ.

સહાયકોનો આભાર

ભીખા ખાખરિયા, લખમણ ઉકડિયા માસ્તર, કાહિયા માસ્તર, અમરસિંગભાઇ, ટેટિયા પટેલ, વજીરજી ઢેડિયા વેડછીની ભજનમંડળીના સભ્યો, તેમજ નવસારીની મંડળી, સોનગઢના ગૃહસ્થો અને બારડોલી સ્વરાજ્ય આશ્રમના કાર્યકર્તાઓનો પરિષદને સફળ બનાવવાની જહેમત માટે આભાર.

ત્રીજી પરિષદ

સ્થળ: વેડછી, તા. બારડોલી, (પેટા મહાલ—વાલોડ.)
દિવસ: સં. ૧૯૮૧, પોષ વદ ૮, રવિવાર
તા. ૧૮-૧-૧૯૨૫.
પ્રમુખ: મહાત્મા ગાંધીજી
સ્વાગત પ્રમુખ: જીવણભાઇ બાબર ચોધરી (વેડછી)
મંત્રીઓ: ગોમજી લાલજી ચોધરી
સોમા બાબર
રૂવજી જોશીઆ

સ્વાગત મંડળના સભ્યો: ૩૪૧
સ્વયંસેવક સેનાપતિ: કીકાભાઇ નેમાભાઇ ચોધરી (ખાનપુર)
પરિષદમાં ભાગ લેનારની સંખ્યા: ૩ હજાર બ્હેનો અને ૧૦ હજાર ભાઇઓ.

આ પરિષદની કાર્યવાહીની રીતસર નોંધ રખાયેલી હોવાથી એનો અહેવાલ જરા વિસ્તારથી આ નીચે આપી શકીએ છીએ.

પ્રાસ્તાવિક

સ્થળ પસંદગી

બારડોલીથી વેડછી આવતાં મહાત્માજીને ઓછામાં ઓછી તકલીફ પડે એ અમારો સ્થળપસંદગીમાં એક ખ્યાલ હતો અને બીજો એ કે વેડછીમાં ચાલતું રેંટિયાનું કામ મહાત્માજીને તેમજ પરિષદમાં આવનાર અમારાં ભાઇબ્હેનોને બતાવવું.

વેડછી વિષે થોડુંક

વેડછી એ ઝાંખરી અથવા વાલ્મિકિ નદીને કિનારે આવેલું કાળીપરજનું નાનું ગામ છે. તે અંગ્રેજ રાજ્યના વાલોડ પેટા વિભાગના તાબાનું છે અને ખાસ કરીને વ્યારા તેમજ મહુવા તાલુકાઓની કાળીપરજને માટે લગભગ મધ્યસ્થ સ્થળ કહી શકાય. વેડછી ગામની મુખ્ય વસતિ ચોધરીઓની છે, તેમાં નાની વેડછી ફળીઉં દારૂ તાડી વર્જેલું અને રેંટીઆ ખાદીની પ્રવૃત્તિમાં ઉમંગ લેનારૂં છે. વેડછીમાં એક ભજનમંડળી છે અને તે આજુબાજુનાં ગામોના ભાઇઓ સાથે સારો સંબંધ ધરાવે છે, અને દારૂતાડી ન પીવાનો તેમજ રેંટિઆનો ઉપદેશ કરે છે.

સ્વાગતમંડળની સ્થાપના

મહાત્માજી અમુક તિથિએ પધારશે એવા ચોક્સ ખબર મળ્યા કે તરત જ અમારી ભજન મંડળી પરિષદ્‌ની તૈયારીએ વળગી. પ્રથમ તો નિયમસર એક સ્વાગત મંડળ સ્થાપવામાં આવ્યું. સ્વાગત મંડળના પ્રમુખ અને મંત્રીઓ બનવાનું ધન ભાગ્ય નીચે સહી કરનારાઓને મળ્યું. અને તેના સભ્યો વ્યારા મહુવા તાલુકાઓમાંથી તેમજ કેટલાક બીજા ભાગોમાંથી એમ મળીને કુલ ૩૪૧ નોંધાયા. સ્વાગત મંડળના સભ્ય થવાનું લવાજમ રૂ. ૧ અથવા રૂ. ૦ાા રાખવામાં આવ્યું હતું, પરન્તુ કેટલાક સભ્યોએ એથી મોટી રકમો પણ ભરી હતી. સ્વાગત મંડળના કેટલાક સભ્યોએ સ્વયંસેવક તરીકે પણ કામ કર્યું હતું.

સ્વયંસેવક સેના

પરિષદ્‌ને અંગેની બીજી તૈયારીઓ પાર પાડવા માટે એક સ્વયંસેવક સેના ઉભી કરવામાં આવી. આ સેનામાં ફક્ત કાળીપરજના યુવકોની જ ભરતી કરી હતી. આ સેનામાં દરેક સૈનિકને પરિષદ્‌નો એક પટો આપવામાં આવ્યો હતો.

આ સ્વયંસેવકોએ ખરા મનથી સોંપવામાં આવેલું કામ બજાવીને અમને સંતોષ આપ્યો છે. વાલોડથી ટેંક નદી સુધીની બે અઢી ગાઉની ધરેડને સુધારવામાં તેમણે જે મહેનત કરી છે તેવી મહેનત તો તેમના જેવા પ્રેમી માણસો જ કરી શકે. અત્રે અમે એ સર્વ સૈનિકોને તેમજ સેનાપતિ ભાઇ કાકાભાઇ નેમાભાઇને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

સભાભૂમિ નદીના ભાઠામાં

સભા માટે ભુમિ પસંદ કરવામાં અમે ઘણો સમય ગાળ્યો છે અને અનેક જાણકાર ભાઇઓની સાથે સલાહ મસલત કરી છે, આખરે ઝાંખરી નદીના દુમળવાડા નજીકનું સ્વચ્છ ભાઠુંજ અમને ગમ્યું. શીઆળાનો તાપ સભાસદોને કેવો લાગશે એ પણ એ ભાઠામાં બપોરને વખતે બબ્બે કલાક બેસીને અમે જાતે અનુભવી જોયું હતું. પ્રમુખશ્રીને માટે મંડપ પાણીના પ્રવાહમાં જ રાખ્યો, શોભા એ તો એનું એક કારણ હતું જ, પરંતુ સુરજ સાંભળનારાઓના મ્હોં પર ન પડતાં પીઠ પર પડે એ ખ્યાલ પણ રહેલો હતો. આ સભાના દેખાવ વિષે મહાત્માજીએ પોતાનો આનંદ ' નવજીવન 'માં બતાવ્યો છે. એ સભાસ્થાનને શણગારવાને થોડાંક લીલાં તોરણ બાંધ્યાં હતાં. દરવાજા ઉપર

પરિષદનું નામ સુતરની આંટીઓથી અને સભાભૂમિમાં રંગાવલનું પાટિયું કપાસથી લખવામાં આવ્યું હતું. પરિષદની શોભા માટે થોડાં સુત્રો ટાંગ્યાં હતાં. એ બધું હતું તેમ છતાં વાંચનાર જોશે કે મહાત્માજીની સ્તુતિનું માન અમારી મહેનતને નથી પણ આપણી સૌની માતા ઝાંખરી નદીને જ છે. એ માતાએજ સભાની શોભા રાખી અને તેણે જ અમારા સ્વાગત મંડળની લાજ રાખી; કારણ બાર તેર હજાર ભાઈબ્હેનો સભામાં પધાર્યાં તેમને અમે તો બતાવી દીધું કે નદી માતાનું નિર્મળ પાણી પીઓ ને આનંદ કરો. મહાત્માજીએ નીચેના શબ્દોમાં પરિષદનું વર્ણન કર્યું છેઃ—

"આમ જો કે સોજીત્રાની પરિષદો દરેક રીતે સરસ હતી છતાં કાળીપરજની પરિષદની છાપ મારા મન ઉપર આ પરિષદોની છાપ કરતાં પણ ઉંડી પડી. સોજીત્રાની પરિષદ પાછળ વ્યવહારબુદ્ધિ, સાદાઈ, કરકસર ને ચપળતા હતાં. કાળીપરજની પરિષદમાં આ બધું હતું અને ઉપરાંત કળા પણ હતી. મારા મનમાંથી સહેજે ઉદ્‌ગાર નીકળી ગયો, 'મેં ઘણી પરિષદો જોઇ છે, પણ સ્વભાવિક સૌંદર્યની દૃષ્ટિએ આવી પરિષદ મેં બીજે ક્યાંયે નથી જોઇ.' આ ઉદ્‌ગારમાં મને અતિશયોક્તિ નથી ભાસતી. કેમ જાણે કુદરતે જ આવીને અદૃશ્ય રીતે બધું ગોઠવી દીધું હોય નહિ એવો ભાસ થયો. કુદરતની પાસેથી શીખી લેવું, તેને આઘાત ન પહોંચાડવો એ ખરી કળા છે એમ મારી મતિ છે. વેડછી ગામ જ્યાં આ પરિષદ ભરવામાં આવી હતી ત્યાં તો થોડા કૂબા ને થોડાં ઘર માત્ર છે એમ કહેવાય. કાળીપરજ ઘરોમાં ને ગામડાંમાં નથી વસતી, પણ પોતાના કૂબામાં અને ખેતરોમાં વસે છે. વેડછીની વસ્તી ત્રણસેં ચારસેં માણસથી વધુ ન ગણાય, પણ કાળીપરજના કૂબાઓના ઝુમખામાં વેડછીનો ઝુમખો કાંઇક ઠીક કહેવાય, એ સબબે વેડછીમાં પરિષદ રાખવામાં આવી. સામાન્ય રીતે પરિષદને સારૂ મોટું ખેતર શોધવામાં આવે. આપણા કળાશાસ્ત્રીઓએ આસપાસની જગ્યા જોઇને સૃષ્ટિ સૌંદર્યથી ઉભરાઇ જતો ભાગ પસંદ કર્યો. વેડછીની પાસેજ વાલ્મિકિ નામની નદી વહે છે. ઝાડોથી શોભી રહેલી ટેકરીઓની હારો વચ્ચે તે નાચતી ચાલી જાય છે. આ સ્થળ પરિષદકારે પસંદ કર્યું. મુખ્ય માચડો વહેતા પાણીમાં ગોઠવ્યો ને જેમ વૃક્ષમાંથી ડાળો ફુટી નીકળે તેમ આ માચડાની સામે પ્રતિનિધિઓની બેઠક ગોઠવી. શીઆળાના દિવસ ને વળી પાણીની ઠંડક એટલે આ કળાપ્રવીણ શાસ્ત્રીઓએ વિચારી લીધું કે પ્રતિનિધિઓને છાંયાની જરૂર નથી એટલુંજ નહિ પણ તેમને અઢી વાગ્યાનો તડકો પણ

મોંઘોજ લાગશે. તેથી મંડપનો ઘુમટ સુવર્ણમય આકાશ હતું ને બેસવા સારૂ નદીની રેતી હતી. આ નદી ટેકરીની એક બાજુએ વહે છે. તેની સામેની ટેકરીના હારથી તે પાણીની કોર સુધી સૂકો કિનારો છે. નદીમાં કાદવ નથી પણ રેતીજ છે. તેથી કૃત્રીમ શણગારની કે જાજમ ઇત્યાદિની જરૂરજ ન રહી. માચડા ઉપર ઘુમટ વાંસનો ને લીલાં પાનનો હતો. માચડા સુધી જવાનો રસ્તો પહોળો રાખવામાં આવ્યો હતો. તેમાં પણ વાંસ ગોઠવવામાં આવ્યા હતા. તે ઉપર પાનરાંની વેલ ચડાવી હતી. માચડા ઉપર જવાની પહેલી પગથી કોથળામાં રેતી ભરીને કરવામાં આવી હતી. અહીં એક પણ છબી ન હતી અને સૂતરનો પણ એકે તાંતણો શણગારમાં વાપરવામાં આવ્યો નહોતો. આવી જગ્યાએ સૂતરનો પણ શણગાર ન શોભે એ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. સૂતર મનુષ્યની કૃતિ છે, તે ઘરમાં શોભે. આકાશ જ્યાં ઘુમટ છે ને રેતી જ્યાં ધરતી છે ત્યાં તો ઝાડપાન જ શોભે. વળી સૂતર–પ્રેમી સૂતરને અને રૂના પૂમડાને પણ સંઘરે."

પત્રિકાઓની વહેંચણી

એક તરફથી પરિષદની સ્થાનિક તૈયારીઓ ચાલતી હતી તે વખતે બીજી તરફથી કાળીપરજનાં તમામ ગામોમાં પરિષદની પત્રિકાઓ પહોંચાડવાની તજવીજ કરવામાં આવી. બધી મળીને ૧૦ હજાર પત્રિકાઓ છપાવીને વહેંચાઇ હતી. વ્યારા અને મહુવા તાલુકાઓમાં સ્થાનિક કામ કરનારાઓને એકઠા કરી તેમને ગામો સોંપી દેવામાં આવ્યાં. સોનગઢ તાલુકો, માંડવી તાલુકો, ડાંગ અને વાંસદા ધરમપોરનાં રાજ્યો—એ બધા ભાગોમાં જાણીતા માણસો ઉપર પત્રિકાઓ મોકલી અથવા ખાસ માણસોને મોકલ્યાં. વ્યારામાં પોષી પુનમને રોજ અને ઉનાઇમાં સંક્રાતિને રોજે મોટી જાત્રાઓ પરિષદ પહેલાં જ ભરાએલી તેનો લાભ લેવામાં આવ્યો હતો. પરિષદની હાજરી ઉપરથી ખબર પહોંચાડવાનું કામ સંતોષકારક રીતે થયું કહી શકાય, અને તે કામમાં જે જે મિત્રોએ અને સ્વયંસેવકોએ મદદ કરી છે તેમનો આથી ઉપકાર માનીએ છીએ.

કાર્યકર્તાઓની સભાઃ—

તા. ૧૮–૧–૨૫ ને રવિવારને રોજ સવારે ૧૦ વાગે પ્રમુખશ્રી મહાત્મા ગાંધી અને બીજા માનવંતા મહેમાનો વાલોડ આવી પહોંચ્યા. ત્યાં જમી પરવારી તેઓઓ વેડછી ગામમાં ૧૨॥ વાગે પધાર્યા. કાળીપરજના લગભગ ૧૫૦ કાર્યકર્તાઓ સભા પહેલાં મહાત્માજી સાથે વાતચીત કરવા આશ્રમમાં રોકાયા હતા, તેમણ ગામને પાદર જઇને પ્રમુખશ્રી તેમજ પરોણાઓનું સ્વાગત

કર્યું. આવીને તરત જ આ કાર્યકર્તાઓની સભા બોલાવવામાં આવી અને તેમની જોડે વાતચીત કરીને મહાત્માજીએ અગાઉની પરિષદોમાં પસાર થએલા ઠરાવો જાણી લીધા અને ચાલુ પરિષદે શું કામ કરવું જોઇએ તેનો વિચાર કરી લીધો.

પ્રદર્શન

આ સભામાંથી બારોબાર મહાત્માજી વિ. સૌ પરિષદ્‌માં ગયા. પરિષદ્‌માં દાખલ થતાં પહેલાં તેઓશ્રીએ ભાઠામાં જ એક બાજુ પર પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું તે જોઇ લીધું. પ્રદર્શનમાં-રેંટીઆ બાળકબાલિકાઓ અને

ઘરડા લોકો—બધા કાળીપરજનાં ચલાવી રહ્યાં હતાં; પીંજણો બહેનો ચલાવતી હતી, તકલીઓ ઉપર કંતાતું હતું તેમજ પાટી વણાતી હતી, આપણા જુના હુન્નર તરિકે નાડી ગુંથવાનું તેમજ સાદડી ગુંથવાનું કામ પણ ત્યાં ખાસ ગોઠવેલું હતું. એક ખુણામાં શુદ્ધ ખાદીની દુકાન રાખવામાં આવી હતી. અને બધા મૂગા પ્રદર્શનમાં આપણી પુરાણી મોરલી ડોબરીનો મધુર સ્વર પણ ચાલતો રહે એવી યોજના રાખી હતી. આ પ્રદર્શન જોઇને મહાત્માજીએ પ્રસન્ન થઇને 'નવજીવન'ની નોંધમાં તેનું નીચે પ્રમાણે વર્ણન કર્યું છે:-

"પરિષદના સ્થાનથી થોડે જ છેટે પણ નદીના જ તટ પર અને ટેકરીઓની હારની તળેટીમાં રેંટિયા ને ખાદી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. લગભગ પાંચસેક રેંટીઆ વૃદ્ધ સ્ત્રીપુરૂષો તેમજ છ સાતથી માંડીને દશ વર્ષ લગીના બાળકો ને બાલિકાઓ ચલાવતા હતા. આ ગોઠવણમાં પણ વિચાર જણાઇ આવતો હતો. જુવાનીઆંઓ સ્વયંસેવક હતા. ખાદીમાંની કેટલીક કાળીપરજનાજ લોકોએ કાંતેલી વણેલી તેમજ રંગેલી હતી. બાકીની ખાદી જાડી ગુજરાત ખાદી ભંડાર તરફની હતી. પ્રદર્શનની સાથે કાળીપરજની ખાસ મોરલી વાગી રહી હતી ને તેમાં મુખ્ય આગેવાનોની થોડી છબીઓ ને થોડું સાહિત્ય હતું. આ બધી ગોઠવણમાં ખરચ તો કંઇજ નહિ એમ કહેવાય. રાતા પીળા ઝીણા પરદેશી કાગળોના વાવટા ઇ૦ જે સામાન્ય મંડપોમાં જોવામાં આવે છે તે તો અહીં ગોતતાં યે ન મળે એમ હતું. આવા કાગળોના શણગારમાં નથી કળા કે નથી વિવેક, એ તો ઉંઘ વેચીને ઉજાગરો ખરીદ્યા જેવો વેપાર છે. જ્યાં આવા કાગળોના શણગાર હું જોઉં છું ત્યાં ત્યાં કળાદેવીનો સંહાર જોઈ મને ખેદ થાય છે."

સવારથી સભાભૂમિની હિલચાલ

પરિષદનું રીતસરનું કામ જો કે પ્રમુખશ્રીના પધાર્યા પછી જ શરુ થયું પરંતુ લોકો સવારથી ભરાઇ ગયાં હતાં. કેટલાક દૂરના લોકો આગલી રાતના આવીને નદીની રેતમાં સુઇ રહ્યાં હતાં, પ્રાતઃકાળમાં તેમના સ્નાનાદિથી નદીનો તટ ગાજી ઉઠયો હતો, અને તેમના તાપણાના અને ચુલાઓના અજવાળાથી પ્રકાશી રહ્યો હતો. રવિવારે સવારથી ગાડાંઓ ઉપર ગાડાંઓ નદીના ભાઠામાં સભાથી થોડે છેટે છુટવા લાગ્યાં, ગાડાંઓની એક નગરી જાણે કે બે ચાર કલાકમાં નદીમાં વસી હોય એવો દેખાવ લાગતો હતો. લોકો આવતા હતા તેમ પ્રદર્શન જોઇને સભામાં સારી જગા જોઇને ગોઠવાઇ જતા હતા. આમ ધીમે ધીમે ભરાતી જતી સભાની અંદર વેરતા ભગત અને તેમની ભજનમંડળીનાં ભજનો વહેલી સવારથી ચાલુ જ હતાં. ભજન ગવાય અને મંડળીમાંથી એકાદ ભાઇ તેનો ભાવાર્થ સમજાવે એવો ક્રમ અખંડ ચાલ્યે જતો હતો. ૧૧ વાગ્યાને સુમારે સભા કાંઇક સ્થિર થઇ અને નીચે પ્રમાણે કાર્યક્રમ શરૂ થયો.

સભામાં પ્રમુખશ્રી અને મહેમાનો

અઢી વાગ્યાને સુમારે મહાત્માજી પરિષદમાં દાખલ થઇ પ્રવાહ ઉપરના મંડપ ઉપર બિરાજમાન થયા. તેમની બાજુએ શ્રી. વલ્લભભાઇ પટેલ બિરાજ્યા હતા. નીચે શ્રી. મહાદેવભાઇ, શ્રી. દયાળજીભાઇ, શ્રી. નરહરિભાઇ, શ્રી. કુંવરજીભાઇ જુગતરામભાઈ, કેશવભાઈ, ખુશાલભાઈ, ચુનીભાઈ તેમજ બ્યારાથી પધારેલા હેમા શેઠ અને ગોપાળજી વકીલ બેઠા હતા. બ્યારાના મિશનરી ભાઇઓ અને બહેનો પણ આવ્યાં હતાં. ગોધરાથી અત્યંજસેવક મામા ફડકે આવ્યા હતા અને કાઠીઆવાડથી કાઠીઆવાડના રાષ્ટ્રીય કવિ ગોકુળદાસ રાયચુરા અને શિવજીભાઇ પણ પધાર્યા હતા.

સભાની રચના

પ્રમુખશ્રીના મંડપની સામે ૧૨–૧૩ હજાર કાળીપરજની મેદની ગોઠવાએલી હતી. સભાની મધ્યમાં બે પહોળા રસ્તાઓ રાખેલા હોવાથી સભાના ચાર ખંડ પડી જતા હતા, જેમાંનો એક ખંડ બહેનોથી ભરાઇ ગયો હતો. કેટલાક શોખીન લોકો સામેની ભેખડ ઉપર ચડીને બેઠા હતા. સ્વાગત મંડળના સભ્યો મંડપની નજીક બેઠેલા હતા. ઠેકાણે ઠેકાણે સ્વયંસેવકો ઉભા રહીને બંદોબસ્ત જાળવતા હતા.

શાન્તિ

પરિષદની બેઠકના આરંભથી અન્ત સુધી પુરુષોએ તેમજ સ્ત્રીઓએ સારી શાન્તિ જાળવી. વચ્ચે વચ્ચે સહેજસાજ અશાન્તિ થઇ જતી હતી, પરન્તુ એ અશાન્તિ પણ અપ્રિય ન લાગતાં પ્રિય લાગે તેવી હતી, કારણ કે શ્રદ્ધાળુ ભાઇબ્હેનો મહાત્માજીને સૂતર, શ્રીફળ કે પૈસા ધરાવવા આવતાં તેમને લીધે એ અશાન્તિ થતી હતી.

મૌ. મહમદઅલીનો કાગળ

ડૉ. સુમન્ત મહેતા અને શ્રી. અમૃતલાલ ઠક્કર જરૂરી કામે રોકાયેલા હોઇ પધાર્યા નહોતા, પરન્તુ તેઓએ પરિષદ્‌ને સફળતા ઇચ્છનારા કાગળો લખ્યા હતા. મૌ. મહમદઅલી પણ આપણા આમંત્રણનું માન રાખવાના હતા, પરન્તુ માંદગીને લીધે તેમજ બહુ કામના દબાણને લીધે આવી ન શકયા. પણ તેઓનો મમતાભરેલો પત્ર મળ્યો હતો.

આરંભ

પરિષદના કાર્યના આરંભમાં બાળાઓએ નીચેનો ગરબો ગાયો હતો:-

આજની ઘડી રળીઆમણી
હારે ગાંધી બાપુ આવ્યાની વધામણી હોજીરે
વધામણી હોજીરે—આજની૦

હાંરે હું તો મોતીડાંના ચોક પૂરાવતી
હાંરે મારા બાપુજીની આરતી ઉતારતી હોજીરે
ઉતારતી હોજીરે—આજની૦

હાંરે અમે ગ્યાંતાં વાલમજીને વારણે
હાંરે મહેતા નરસૈંના સ્વામી ઉભા બારણે—
હાંરે સાચા સેવકના બાપુ ઉભા બારણે હોજીરે
ઉભા બારણે હોજીરે—આજની૦

જીવણ પટેલની ઓળખાણ

ગરબો ગવાઇ રહ્યા પછી સ્વાગતમંડળના પ્રમુખનું ભાષણ હતું, પરંતુ તેઓ ભાષણ વાંચે તે પહેલાં તેમનું ટુંક ઓળખાણ ભાઇ જુગતરામ દવેએ કરાવ્યું, જેનો સાર નીચે આપવામાં આવે છે.

"જે ડોસો હમણાં અહીં આવીને તમને આવકાર આપનારું ભાષણ વાંચશે એ તમારો જાતભાઇ છે અને આજે તમે મહાત્માજીના

દર્શન કરવાને ભાગ્યશાળી થયા છો તે માટે તમારે તેમનો જ આભાર માનવો ઘટે છે. જીવણુ પટેલે ભર જુવાનીથી દારૂ છોડયો હતો અને તેમનાં સગાં વહાલાં તેમને 'બામણુ' કહીને ચીડવતા. પણ તેજ સગાં વહાલાં આજે તેમના શિષ્ય જેવાં બની ગયાં છે. તેમણે કાળીપરજનાં ઘણાં બાળકોને પોતાનાં ઘરમાં રાખીને કેળવણી આપી છે. અને આજે હું જયાં ફરૂં છું ત્યાં ઘરડા ઘરડા માણુસો પહેલાં એમના શિષ્યો હતા એવાઓ જોવામાં આવે છે."

પૂ. પ્રમુખશ્રી મહાત્મા ગાંધીજીનુ ભાષણઃ—

સ્વાગતનું ભાષણ થયા પછી પ્રમુખ શ્રી મહાત્માજી મંડપ પરથી ઉતરી સભાની મધ્યમાં ગોઠવેલી ખુરસી પર પધાર્યા. તેઓશ્રીનું ભાષણ નીચે લગભગ અક્ષરે અક્ષર ઉતારવામાં આવે છે, અને આશા રાખવામાં આવે છે કે તેનો અક્ષરે અક્ષર સોનાનો ગણીને હરેક ભાઈ અને બહેન પોતાના હૃદયમાં કોતરી રાખશે.

ભાઇ જીવણુભાઈ, કાળીપરજના ભાઈઓ અને બ્હેનો તથા અન્ય ભાઇ બ્હેનોઃ—

મારી જીંદગીમાં મેં ઘણી પરિષદો જોઇ છે. પરિષદ એટલે કોંગ્રેસ અથવા કોન્ફરન્સ. મેં કહેવાતી નીચ વર્ણના લોકોની પરિષદો પણ જોઇ છે. માત્ર હિંદમાંજ નહિ પણ આફ્રિકા અને યુરોપમાં પણ ઘણી પરિષદો જોઇ છે, પરંતુ આટલી વ્યવસ્થિત અને સુંદર તથા આવા રમણીય સ્થાનમાં આજના જેવી એક પણ પરિષદ નથી જોઇ.

અભિનંદન

દૂર દૂરથી આવેલા તમને બધાને અને ખાસ કરીને સ્વાગત મંડળના સંચાલકોને હું ધન્યવાદ આપું છું. હું જોઉં છું કે આ પરિષદ પાછળ ઓછામાં ઓછું ખર્ચ કરવામાં આવ્યું છે. આપણા ગરીબ મુલકને તો આવુંજ છાજે. આ પરિષદ સાથે પ્રદર્શન પણ રાખવામાં આવેલું છે અને હું માનું છું કે કોઇ પણ નેતા આવીને આ પ્રદર્શન જુએ અને છતાં તેનામાં રેંટિયા અને કંતામણુની શક્તિમાં અશ્રદ્ધા રહે એ તો સાચે દયામણી સ્થિતિજ કહેવાય. પણ મને એમ ખાત્રી છે કે એ જોયા પછી કોઇને એવી અશ્રદ્ધાજ ન રહે. કંગાલિયત દૂર કરવી આપણે ઇચ્છતા હોઇએ તો એ ધંધો આવશ્યક છે.

બીજું કંઇ કહેવાનું શરૂ કરૂં તે પહેલાં મૌલાના મહમદઅલી સાહેબ વતી મારે તમારી માફી માંગવાની છે. એમનો આ પરિષદમાં હાજર રહેવાનો ઇરાદો હતો. તમે બધા તો જાણુતા હશો કે મૌલાના સાહેબ ગાયકવાડી રાજ્યમાં

મોટા અધિકારી હતા ત્યારે કાળીપરજનાં ભાઇબ્હેનોનાં સુખ દુઃખમાં ભાગ લેવા તેમણે યત્ન કરેલો. અને આ વખતે મૌલાનાની અહીં હાજર રહેવાની અને તમારાં દર્શન કરવાની ઇચ્છા હતી પરંતુ તેઓ મુરાદાબાદમાં જમીયત-ઉલ ઉલેમાની સભામાં રોકાઇ ગયા. તે ઉપરાંત તેઓ માંદા પણ છે. અને મારી માફક તેમને પણ એ પત્રો ચલાવવાનાં હોવાથી તેઓએ તાર કરી તેમની વતી તમારી માફી માંગવા જણાવ્યું છે.

મજુરીનો જમાનો

તમારી પરિષદ ત્રણ વર્ષ થયાં ભરાય છે. અને આ પ્રદેશમાં જુદે જુદે ઠેકાણે ભરાય છે. પહેલાં પરિષદના ઠરાવો હું વાંચી ગયો છું આજની પરિષદ માટે ઠરાવો તૈયાર નથી કર્યા. પરંતુ મેં તે સંબંધી આગેવાનો સાથે મસલત કરી છે. નવી વસ્તુ કંઇ કરવાની નથી એ મેં જાણી લીધું છે. નવી વસ્તુ શું હોઇ શકે? કાળીપરજ એટલે હું કાળી પ્રજા એ શબ્દમાંથી ઉત્પન્ન થયેલો એ શબ્દ છે. કાળા એટલે વર્ણે કાળા નહિ. પણ ઉતરતી પ્રજા અથવા ઉતરતા લોક, એટલે મજૂરીથી આજીવિકા મેળવનારા લોકો. પણ એમને તો પરિષદ ભરવાનીજ જરૂર નથી. જમાનો તો હવે મજુરીનો આવી રહ્યો છે. મજૂરીને જે ઉમદા વસ્તુ નહિ માનતા હોય, મજૂરીમાં જે ખાનદાની ન માનતા હોય તેનો દરજ્જો આવા જમાનામાં જરૂર ઉતરી જવાનો છે. પૈસાએ આ જમાનામાં પરમેશ્વર ગણાયો છે. પણ તે ક્યાં સુધી? જેમ સેતાનનું સ્થાન સ્થાયી ન રહેવું જોઇએ અને ઇશ્વર અને ખુદાને માનનારાઓ સેતાનનું રાજ્ય ન રહે એમ ઇચ્છે છે તેમ પૈસાનું પણ છે. કેટલેક અંશે સેતાન અને પૈસા એક બીજાનાં ધ્યેયને પૂરનારા છે એમ શાસ્ત્રકારો પણ માને છે. પણ હું પૈસાનો વેરી છું એમ ન માનશો.

પૈસા તો તમારે પણ જોઇએ અને મારે પણ જોઇએ. દરેક વસ્તુ પોતપોતાને સ્થાને શોભે. ઇશ્વર જે વસ્તુ પેદા કરે છે, તેનું ચોક્કસ સ્થાન નક્કી કરે છે. પણ આપણે પોતાનુ સ્થાન ચૂકીએ છીએ; અને જે વસ્તુનો આપણે ઉપયોગ કરીએ છીએ તેને પણ ભૂલી જઇએ છીએ. જ્યારે ઇશ્વરના માર્ગમાંથી ઉતરી જઇએ છીએ, પૈસાને જ્યારે એનું જે યોગ્ય સ્થાન છે તેના કરતાં બીજું સ્થાન આપીએ છીએ ત્યારે દુઃખ આવી પડે છે. એમાંથી મારે તમારે ને જગતે ઉગરી જવું રહ્યું. હું આથી પૈસાદારની નિંદા કે અવગણના નથી કરવા માંગતો કે તેમનું બુરૂં નથી ઇચ્છતો. પૈસાદાર પણ આપણા ભાઇઓ છે. આપણે એમનુ કામ છે, સૌ પોતપોતાને સ્થાને રહે તે સુવ્યવસ્થા કહેવાય. એમ ન થાય ત્યાં સુધી પરિષદની જરૂર છે

તમે મજૂર છો એટલે મારી દૃષ્ટિએ તો પુજ્ય છો. જે દેશમાં મજૂરની નિંદા થાય છે તે દેશ નીચે ઉતરતો જાય છે ઉંચે નથી જતો. આજે મજૂરોનો હિંદુસ્થાનમાં અનાદર થઇ રહ્યો છે, પણ મજુર વિના હિંદુસ્થાન નહિ ચાલી શકે.

આપણો વાંક

પણ આજે હિંદ સંધિકાળની દશામાં છે. ઘણા સમજ્યા છે કે મજૂરોને યોગ્ય સ્થાન મળવું જોઇએ. એમના વગર ન ચાલે. તેથી જેને કાળીપરજ એટલે મજૂર ગણી ઉતારી પાડવામાં આવે છે તેમને ચડાવવા જોઇએ એમ કેટલાક માને છે; જ્યારે કેટલાક મજૂરો સાથે રહી તેમનો ઉપયોગ કરી લઇ પોતાનો સ્વાર્થ સાધી લેવા માંગે છે. કેટલાક મજૂરોની સેવા કરે છે, મજૂર બને છે, બીજા ધંધા છોડી મજૂરીના ધંધામાં મ્હાલે છે અને મજૂરોના પરિચયમાં આવી તેમને સમજાવે છે.

વાંક વિના અને પાપ વિના કોઇ પણ માણસ નીચે નહિ પડે એ દુનિયાનો કાયદો છે. જ્યારે આપણો પોતાનો વાંક ન જોતાં બીજાનો વાંક કાઢીએ, નિંદા કરીએ ત્યારે આપણે નીચા પડીએ છીએ. તમે કંઇક એવું કરો છો. તમારી સ્થિતિને સારૂ બીજા કોઇ જવાબદાર નથી પણ તમેજ જવાબદાર છો. હિંદુસ્તાનમાં આવ્યો ત્યારથી એ વસ્તુ બતાવી રહ્યો છું. પાપ આપણને ઉતારે છે, પુણ્ય ચઢાવનારી વસ્તુ છે.

કલ્યાણ માર્ગ

કેમ રોટલો મળે એ મજુરને પ્રશ્ન નથી. જેને સારૂં શરીર, મજબુત હાથ પગ અને તાકાત છે તેને કોઇ દુઃખ નથી દઇ શકતો. પણ તમે દુઃખી છો તેનાં બે કારણ છે. એક તો તમે દારૂ પીઓ છો, તાડી પીઓ છો. એ વ્યસનોનો કાળીપરજના ભાઇઓ નમુનો છે. હવે તો કાળીપરજમાં એક સંઘ ઉભો થયો છે, તે એમ કહે છે કે દારુ ન પીવો એ પાપ છે. વ્યસન પડયું તે વ્યસનમાં જ મ્હાલે છે, એજ તેનું જીવતર છે. મને ઉમેદ છે કે જે ભાઇઓ અહીં આવ્યા છે તે આ જાળમાં ન ફસાય. દારૂ નહિ પીવો એવી તમારી બે વર્ષ ઉપરની પ્રતિજ્ઞાને વળગી રહેજો, કોઇ વૈદ્ય આવીને કહે કે તમે દારૂ ન પીશો તો મરી જશો તો પણ તમે દારુ ન પીતા. મરશો તો કાંઇ નહિ. શરીર તો પડવાનું છે. આત્મા અમર છે, એને કોઇ ન મારી શકે. દારૂ ન પીવાથી શરીર ક્ષીણ થાય, પડી જાય, છતાં દારૂ ન પીઓ એમ હું ઇચ્છું છું, અસંખ્ય માણસો લાલચમાં ફસાઇને અસંખ્ય પાપો કરે

છે. તેમાંથી છુટવા માટે આપણે આપણી જીંદગીને અપવાદ વિનાની કરી મુકવી જોઇએ, એટલે આપણામાં છિદ્ર ન રાખવું જોઇએ. જેમ દિવાલમાં છિદ્ર હોય તો જીવજંતુ કે ચોર લુટારા દાખલ થાય તેમ આત્માને સુરક્ષિત રાખવા સારૂ વ્રતરૂપી દિવાલમાં છિદ્ર રાખીશું તો પાપરૂપી મોટા ધોધના ધોધ તેમાંથી ચાલી આવશે અને આપણે પસ્તાશું. એટલે દારૂથી હંમેશાં દૂર રહેજો, તેને ત્યાગજો. એમાંજ તમારૂં કલ્યાણ છે.

બીજું કારણ ગાઢ અજ્ઞાન. અક્ષર જ્ઞાનનો અભાવ એટલે અજ્ઞાન નહિ. વાંચતાં લખતાં ન આવડતું હોય તેની મને પરવા નથી. વગર ભણેલો પણ જ્ઞાની હોઇ શકે છે. અનુભવ એજ જ્ઞાન છે. મેં એવા ઘણા માણસો જોયા છે કે જેને ઘણા અક્ષર ન આવડે છતાં જ્ઞાની છે. તમે ભોળા છો. ભોળા થવું સારૂં છે. સાદાઇ અને ભોળાઇ એ ઇશ્વરી ગુણ છે. પણ ભોળાઈ એવી ન હોય કે કોઇ છેતરી જાય.

ભૂત છોડો

કોઇ ભુત પ્રેત કે ધુણવાની વાત તમને કહે તે ભૂલી જજો. મિત્રો કહે છે કે તમે મારી માનતા રાખો છો. હું તમને એ કહેવા ઇચ્છું છું કે એ પણ એક પ્રકારનું ભૂત છે. મારી પૂજા કે માનતાથી કંઇ નથી વળવાનું. આજે મારી પૂજા કરશો અને કાલે ઉઠી કોઇ બીજો પૂજા કરાવશે તો મારૂં શું થશે? ગાંધીને નામે કોઇ કહેશે કે રેંટીયો છોડો તો તમારૂં શું થશે? કોઇ કહેશે કે દારૂ પીઓ તો તમારૂં થશે? મારે નામે કંઇ ન કરશો, ગાંધી કહે એટલે દારૂ છોડવો એમ નહિ. જે કરો તે મનથી સમજીને કરજો.

વ્હેમથી માણસ ચઢી નથી શકતો. તેમાં વળી હિંદુસ્થાન તો વ્હેમથી ભરેલું, તેમાં હું વધારે વ્હેમનું નિમિત્ત થવા ઇચ્છતો નથી. આ વ્હેમ દૂર થાય એ મને પસંદ છે. પણ અક્કલ વાપરીને અને સમજપૂર્વક દારૂનો ત્યાગ ન કરશે તો તે છુટવાનો નથી.. ઉત્તર અને પૂર્વ હિંદુસ્થાનમાં પણ તમારા જેવીજ જાતો છે જે મારે નામે દારૂ અને માંસ છોડી રહી છે. એ મને ગમે છે. હું એમ ઇચ્છું છું કે આખું જગત દારૂ માંસ છોડે, પણ ખોટા વ્હેમથી નહિ. કારણ કે એ લાંબો વખત ન ટકે. એક પાપથી બીજું પાપ ન કઢાય એ સમજાવવા હું આવ્યો છું. મારે નામે કંઇ પણ કરવાનું છોડી દેજો, પણ જે કરો તે સારૂં છે એમ સમજી કરજો. હું તમારામાં કામ કરનારા સ્વયંસેવકોને કહી રહ્યો છું કે ધીરા રહેજો અને ધીરજથી કામ કરજો, તેઓને હું તમારી સમક્ષ પણ કહું છું કે ધીરજથી કામ લે અને સમજાવે અને કોઇપણ પગલું સમજપૂર્વક ભરે.

પારસીઓનો હું આશક છું

તમે મને કાગળ મોકલાવેલો છે તેમાં પારસીઓ સામે ફરિયાદ છે. મારે જણાવવું જોઇએ કે હું પારસીઓ ઉપર આશક છું. એ નાનકડી કોમમાં ઘણા ગુણ ભરેલા છે, તેમ દુર્ગુણો પણ છે. એ પણ દારૂ પીએ છે, પણ ઘણાં પારસી બ્હેનો અને ભાઇઓ છોડી રહ્યાં છે. હું જાણું છું કે કેટલાક પારસીઓ દારૂનો ધંધો કરે છે અને તેને માટે પાપ અને અત્યાચાર કરે છે. પેટ વાજાં વગડાવે એટલે તેમને હું શું કહું ? હું તો તમને કહેવાનો કે તેઓ તમને લાલચ આપશે, ઇનામ આપશે, પણ તમે તેમાં ફસાશો નહિ. આજીવિકા માટે માણસ શું નહિ કરે ? પેટ વેઠ કરાવે છે, પેટ વાજાં વગડાવે છે, પેટ ગુલામી કરાવે છે ! છતાં હું પારસીઓને પણ કહેવાનો છું. વળી એક સંઘ તમારામાં છે તે દારૂ ન પીવો એ પાપ છે એમ કહે છે. હું તમને તેમની સાથે લડવાનું નથી કહેતો. લડીને તમે નહિ બચી શકો, પણ તમારાં વ્રત સોગન પાળીને જ બચી શકાશે,

કોઇ પારસી દારૂ પીવાનું તમને કહે તો નમસ્કાર કરીને તેને કહેજો કે અમે દારૂ છોડયો છે. તમે પણ છોડો, ખેતી વેપાર કરો. મારા કેટલાએ મિત્રો ઇજનેર, વકીલ, ડાક્ટર છે. એક પારસી બુદ્ધિશાળી વેપારી હતા. એ તો ગુજરી ગયા. એણે તમારે માટે પૈસા આપેલા છે એ પૈસામાંથી એક આશ્રમ ચાલે છે, હું પારસીઓને સમજાવીશ પણ એમાં વખત જાય. અને હું તેને સમજાવીશ ત્યારે વળી બીજા લાલચો લઇને આવશે. મુસલમાન ઇસાઇ, યાહુદી આવશે તો તમે શું કરશો ? એટલે તમારો બચવાનો ઉપાય તમારાજ હાથમાં છે.

કોણ સમજે ? તમે કે રાજા ?

ગાયકવાડ સરકાર અને વાંસદાના મહારાજા દારૂનો વેપાર પોતાની હદમાં બંધ કરે એ માટે આપણે વિનંતિ કરી છે અને કરશું. પણ એમને કોણ સમજાવે ? રાજાઓને સમજાવવું મને મુશ્કેલ લાગે છે, તમને સમજાવવું સ્હેલું છે.

પારસીઓને પણ સમજાવવું મુશ્કેલ છે, કારણ તેમની એમાં ઉપજ રહી–ધંધો રહયો--રાજાઓને પણ એમાંથી ઉપજ મળે તે જો ચાલી જાય તો સ્ટેટનાં છોકરાં ક્યાંથી ભણે ? એટલે મારો તો વિશ્વાસ તમારા ઉપરજ છે.

દારૂની તલબ લાગે ત્યારે રેંટીઓ કાંતજો

દારૂ છોડવામાં તમને કઇ વસ્તુ મદદગાર થાય એ કહેવા બેસું તો ઘણી વસ્તુ મૂકી શકું. પણ મેં તો ફક્ત એક રેંટીઓ કલ્પેલો છે. એમાંજ

સર્વસ્વ છે. એમાં જ હિંદુસ્તાનનો ઉદ્ધાર હું જોઇ રહ્યો છું. એ નાનકડા રેંટીઆમાંથી આજે કંતાતું સૂતર જોઇ હું મુગ્ધ બન્યો છું અને બાળકોને કાંતતા જોઇને મારી શ્રદ્ધા—જો તેને દૃઢ થવાપણું હજી બાકી હોય તો—વધુ દૃઢ થઈ છે.

તમે ગરીબ નથી. તમને ખાવાના સાંસા નથી, એટલે આજીવિકા માટે તમારે રેંટીઓ નથી ચલાવવાનો. એ માટે તો તમારી પાસે ખેતી છે. પણ રેંટીઓ તો જીવનદોરી છે. દારૂ પીવાની ઇચ્છા થાય ત્યારે રેંટીઆ ઉપર બેસી જજો. એટલે રેંટીઓ કાંતતાં કાંતતાં તમારી દારૂની તલબ નરમ પડી જશે. રેંટીઓ ઘરમાં દાખલ કર્યો, તે ન છોડજો. દેશમાં તીડ પડે, હીમ પડે, દુકાળ પડે એ વખતે યે રેંટીઓ તો કૃળદ્રૂપજ રહેવાનો અને અન્નપૂર્ણારૂપ થઇ પડવાનો. પીંજવાનું અને વણવાનું તો આજીવિકાનું સાધન પણ થઇ પડે એટલે એને ન છોડજો.

પરિષદ્‌ની પ્રતિજ્ઞાઓ

સાધારણ પરિષદોના રિવાજ મુજબ આ પરિષદ્‌માં લાંબા લાંબા વાકયોવાળા ઠરાવો અને દરેક ઠરાવની પાછળ બબ્બે ત્રણું ત્રણ જણનાં ભાષણો એવું કંઇ રાખવામાં આવ્યું ન હોતું, પરન્તુ મહાત્માજીએ પોતાના ભાષણને અન્તે ચાર મુદ્દા પર સભાને સમજૂત આપી, અને સભાએ તેમની સમક્ષ પરમેશ્વરને હાજર જાણીને તેમણે કહી તે પ્રમાણે પ્રતિજ્ઞાઓ બરાબર સમજીને સૌ હાથ ઉંચા કરે છે કે નહિ તેની મહાત્માજીએ તપાસ કરી હતી. દરેક મુદ્દો પોતે પ્રથમ સમજાવે તે પછી શ્રી. દયાળજીભાઈ પોતાના બુલંદ અવાજથી પાછો સમજાવે અને છેવટે એક કાળીપરજ કાર્યકર્તા પાછો ચોધરી ભાષામાં સમજ પાડે.

પ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજાવતાં ગાંધીજીએ કહ્યું, 'તમે પ્રતિજ્ઞા લો છો (ખાદી પહેરવાની) તે વસ્તુ અઘરી છે. ઘણી બહેનોએ અહીં ખાદી નથી પહેરી. પ્રતિજ્ઞા લો અને પછી પરદેશી કે મીલનાં કપડાં પહેરો તો અનર્થ થાય. હું તો પ્રતિજ્ઞામાં માનવાવાળો રહ્યો એટલે મારૂં તો મોતજ થાય. તમારા જેવા સાદા ને ભોળા માણસો પણ પ્રતિજ્ઞા લઇને પછી તેને ભૂલી જાઓ એ હું નથી ઇચ્છતો. એટલે જો આ વાત તમને ખરેખર પસંદ હોય તો જ, જે ભાઇઓ અને બહેનો પગથી માથા સુધી શુદ્ધ ખાદી પહેરવા તૈયાર હોય તે જ હાથ ઉંચા કરજો."

પ્રતિજ્ઞાઓમાં બીજાઓને સમજાવવાની વાત આવે છે તેમાં 'વિનય પુર્વક' સમજાવવા ઉપર મહાત્માજી ખાસ ભાર મુકતા હતા. અને ચોધરી

ભાષામાં પ્રતિજ્ઞા સમજાવનાર સ્વયંસેવક "વિનયપૂર્વક" ભૂલી જતા ત્યારે તેઓ ખાસ યાદ કરાવી આપતા હતા.

આ રીતે જે ચાર પ્રતિજ્ઞાઓ આ પરિષદમાં લેવામાં આવી તે નીચેની મતલબની હતી:—

(૧) અમે પરમેશ્વરને હાજર જાણીને પ્રતિજ્ઞા લઇએ છીએ કે આજથી અમો પોતે દારૂ તાડી નહિ પીએ અને પીતા હશે તેમને વિનય-પૂર્વક નહિ પીવા સમજાવીશું. (મોટા ભાગે હાથ ઉંચા કર્યા)

(૨) અમે પરમેશ્વરને હાજર જાણીને પ્રતિજ્ઞા લઇએ છીએ કે આજથી અમે હાથની કાંતેલી અને હાથની વણેલી ખાદીનાં જ કપડાં પગથી માથા સુધી પહેરીશું અને જેઓ નહિ પહેરતાં હોય તેમને તેવાં શુદ્ધ ખાદીનાં કપડાં પહેરવા વિનયપુર્વક સમજાવીશું.

(સારા જેવા ભાગે હાથ ઉંચા કર્યા.)

(૩) ગાયકવાડ, વાંસદા, ધરમપોર અને અંગ્રેજ એ બધી સરકારોને અરજ કરીએ છીએ કે તેમણે અમારી લાગણીને માન આપીને પોતાની હદમાંથી દારૂતાડીનાં બધાં પીઠાં ઉઠાવી લેવાની મહેરબાની કરવી.

(બધાએં હાથ ઉંચા કર્યા)

(૪) [બહેનોની પ્રતિજ્ઞા] અમે પરમેશ્વરને હાજર જાણીને પ્રતિજ્ઞા કરીએ છીએ કે આજથી અમે પથ્થરનાં ઘરેણાં નહિ પહેરીએ અને જે બહેનો પહેરતી હશે તેમને વિનયપૂર્વક નહિ પહેરવા સમજાવીશું.

(બધી બહેનોએ હાથ ઉંચા કર્યા.)

શ્રી વલ્લભભાઇનું ભાષણ

મહાત્માજીનું ભાષણ અને પ્રતિજ્ઞાઓ લેવાનું પૂરૂં થયા બાદ શ્રી. વલ્લભભાઇ પટેલનું ભાષણ થયું જેનો સાર નીચે આપવામાં આવે છે:—

આથી પણ મોટી સંખ્યામાં મેં તમને જોયા છે. પણ ફક્ત મોટી સભાઓમાં ભેગા થવાથી કામ નહિ થઇ જાય. મહાત્માજી સામે તમે જે પ્રતિજ્ઞાઓ લીધી છે તે બરાબર પાળજો. દારૂ તાડીનું વ્યસન તમારા મોટા ભાગે છોડી દીધું છે. કેટલાક પાછા પડે છે એમ સાંભળ્યું છે. તમે જે કંઇ કરો તે વહેમથી કે કોઇના ડરથી ન કરો, દેવીના ડરથી પણ ન કરો. પરંતુ તમને પોતાને સાચું લાગી જાય તેટલું જ કરો. તે જ કાયમને માટે ટકશે. શુદ્ધ ખાદી પહેરવાની જે પ્રતિજ્ઞા તમે લીધી છે તે ખંત રાખીને પાળો અને દરેક ઘરમાં રેંટીઓ વસાવો.

રામ નામનો મંત્ર

૪॥ વાગ્યા હતા અને સભાનું કાર્ય સમાપ્ત થવા આવ્યું હતું. પરંતુ સભા બરખાસ્ત કરતાં પહેલાં આપણા મહાત્મા પ્રમુખશ્રીએ એક અણધારેલો મંત્ર સંભળાવ્યો. આપણે પ્રતિજ્ઞા લીધી તો ખરી, પરંતુ ચારે તરફના મોહો વચ્ચે ફસાએલા આપણે—નબળા અને અજ્ઞાની એવા આપણે—એ પ્રતિજ્ઞાને પાળી કેવી રીતે શકીશું? દયાના સાગર સમા એ મહાપુરૂષે આપણને રામ નામનો પાવનકારી મંત્ર સંભળાવ્યો છે. તેઓશ્રીનું એ છેવટનું ભાષણ નીચે છાપ્યું છે:—

બ્હેનો અને ભાઇઓ, તમારી પાસે મેં પ્રતિજ્ઞા લેવરાવી અને તમે તે લીધી છે. એ પ્રતિજ્ઞા લેતાં તમે ઇશ્વરને સાક્ષી રાખ્યો છે. એ પ્રતિજ્ઞા ફળો એમ કહેવું એ સહેલું છે. પ્રતિજ્ઞા લેવી એ પણ સહેલું છે પણ એ પાળવી એ કઠણ વાત છે. એ કેમ સહેલું થાય એની દવા મારી પાસે છે. ઘણાને એ દવા ફળી છે. એ દવાથી મારા અનુભવમાં આવનારા અસંખ્ય માણસો તરી ગયા છે. સોજીત્રામાં અત્યંજ, ધારાળા, અને બારીઆ ક્ષત્રિઓને મેં એજ દવા બતાવી છે અને તમને પણ એજ દવા બતાવવા ઇચ્છું છું. સૂરજ ઉગવા પહેલાં સવારે વહેલાં ઉઠી, દાંત સાફ કરી, મોઢું ધોઇ, આંખનો મેલ કે ચીપડા કાઢી હાથ જોડી બેસવું અને રામનામ લેવું, દરેક માણસ એમ કરે. રામ એટલે ઇશ્વર—અલ્લા. રામ એટલે બધું. ઇશ્વરનાં નામ તો અનેક છે, પણ રામ નામ જેવું સરળ અને સુંદર નામ બીજું એકે નથી. 'ઇશ્વર' નામમાં 'શ્વ' જેવો જોડાક્ષર આવે તે કેટલાકને બોલતાં યે ન આવડે. તેમ તેમાં રહેલો ભાવ સમજવો પણ મુશ્કેલ. એટલે હું તમને બે અક્ષરનું સાદું રામ નામ બતાવું છું. રામનું નામ ભાવપૂર્વક લેશો અને સાથે પ્રાર્થના કરશો કે હે રામ! તું મને પવિત્ર રાખજે અને અમે જે પ્રતિજ્ઞા વેડછીમાં લીધી છે તે પાળવામાં મદદ કરજે. તો રામ તમને મદદ કરશે. સુતી વખતે ગમે એટલા થાકયા હો, ઉંઘ ન આવતી હોય તો પણ રામનું નામ લેજો; અને રામને કહેજો કે તેં પ્રતિજ્ઞાનું પાલન કરવામાં બહુ મદદ કરી છે તેથી તારો પાડ માનું છું. રાતના પણ મને દારૂની ગંધ ન આવો, પરદેશી કાપડની ગંધ ન આવો—સ્વપ્નામાં પણ ન આવો! એટલું કરશો તો પ્રતિજ્ઞાપાલન થશે, અને દુઃખનો નાશ થશે. ભૂત પ્રેતની માફક રામને માનતાની જરૂર નથી, રામ તો દિલનો ભૂખ્યો છે. મારા તમારા બધાયનાં દિલમાં તે બેઠો છે. કોઇને તે છોડતો નથી, પણ આપણેજ એને છોડીએ છીએ. તમે એને ન ઓળખો પણ એ તો તમને

ઓળખે છે. એટલે એ તો અંતર્યામી છે. આ ઘડીઆળ તો ટકટક કરે છે, પણ રામનો ટકટક હૃદયમાં રહે છે. તમે બધા આટલું કરો એજ મારે કહેવાનું છે. તે રામ તમારૂં બધાનું કલ્યાણ કરો, તમને તમારી પ્રતિજ્ઞા પાળવામાં મદદ કરો.

આ રામનામના મંત્રનો મહિમા મહાત્માજીએ શ્રીહસ્તે જ ' નવજીવન 'માં આ પ્રમાણે લખ્યો છે:—

" છતાં જ્યાં મનુષ્ય યત્ન કંઈ જ નથી કરતો ત્યાં ઇશ્વરની કૃપા કામ આવે છે. તેથી મેં ધારાળાઓને, અંત્યજોને તેમજ કાળીપરજને જપ જપવાની ભલામણ કરી છે. સવારના સૂર્યોદય પહેલાં ઉઠી, દાતણ કરી, મ્હોં સાફ કરી ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરે કે તે તેઓને પ્રતિજ્ઞાપાલનમાં સહાય કરે ને તેઓ રામનામ જપે. આમજ રાતે સૂતી વેળાએ કરે. રામનામ ઉપર મારી આસ્થા તો ઘણાં વર્ષોની છે. કેટલાક મિત્રોને રામનામ રામબાણ દવારૂપ થઇ પડેલ છે. તેઓ ઘણી આંતરિક મુસીબતોમાંથી બચી ગયા છે. જેને ઉચ્ચાર ન આવડે, જે દ્વાદશ મંત્ર પણ યાદ ન કરી શકે, ઇશ્વર શબ્દનો ઉચ્ચાર જેમને અઘરો લાગે તેવાને સારૂ પણ ' રામ ' શબ્દનું ઉચ્ચારણ સહેલું છે. શ્રદ્ધાપૂર્વક જે એ નામનો જપ જપે તે હંમેશ સુરક્ષિત છે. એમ હું માનું છું. આ ભાઇબહેનોને રામનામ ફળો. "

વિસર્જન

અંતમાં ' રઘુપતિ રાઘવ રાજારામ પતિત પાવન સીતારામ ' એ લીટીની ધૂન મચી અને પરિષદ્ વિસર્જન થઇ.

૬. પરિષદ પછી

પરિષદ આવી અને ગઇ, મહાત્માજી આપણને જોઇને,-આપણાં બાળકોને કાંતતાં, પીંજતાં, જોઇને—આપણા સ્વયંસેવકોને અને બીજા ઘણાઓને ખાદી પહેરેલી જોઇને પ્રસન્ન થયા. પણ તેમને કાયમને માટે પ્રસન્ન ક્યારે રાખી શકીએ ? આપણે તેઓશ્રીની સમક્ષ પ્રતિજ્ઞાઓ લીધી તેને પૂરી પાળીએ ત્યારે જ.

૭૦ કાર્યકર્તાઓનાં નામ નોંધ્યાં

પરિષદ્ પૂરી થયા પછી વેડછી આશ્રમમાં થોડીવાર સર્વ મહેમાનોએ વિશ્રાન્તિ લીધી અને મહાત્માજીએ પાછા આગેવાન કાર્યકર્તાઓને એકઠા કર્યા. જેઓ શુદ્ધ ખાદી પહેરતા હોય, દારૂ તાડી વર્જેલા હોય એવા માણસોને એટલે કે પરિષદ્ની પ્રતિજ્ઞાઓ પાળતા હોય તેવાઓને કાર્યકર્તા તરીકે

પોતાનાં નામ લખાવવાની તેઓએ માગણી કરી જેના જવાબમાં ૩૦ નામો તેજ વખતે નોંધાયાં. આમાં ૪ બ્હેનો છે એ ખુશી થવા જેવું છે. આ દરેકને ત્યાર પછી મહાત્માજીએ એટલું કામ સોંપ્યું છે કે તેઓ નિયમિત કાંતે અને દર માસે ૨ હજાર વાર સૂતર આપી મહાસભાના સભાસદ બને, તેમજ દરેક જણ તેવાજ બીજા ૫ સભાસદો ઉભા કરીને મુકરર દિવસે પાછા એકઠા મળે; અને આગળ શું કરવું તે તે વખતે ઠરાવે. મહાત્માજીએ એમ પણ કહ્યું કે "તે વખતે હું પોતે કદાચ બને તો આવું, કારણ કે મને આવા કામમાં બહુ રસ છે, અથવા તો શ્રી. લક્ષ્મીદાસભાઇ અને શ્રી વલ્લભભાઇ આવશે. તેમની સલાહ પ્રમાણે આગળ શું કરવું તે નક્કી કરજો." ઉપર જણાવેલા ૩૦ કાર્યકર્તાઓનાં નામ નીચે પ્રમાણે:—

* જીવણભાઇ બાબરભાઇ—વેડછી
ફુલજીભાઇ જીવણજી—અંબાચ
કીકાભાઇ કેસરિયા—જેશંગપરા
કીકાભાઇ રણછોડ—બારતાડ
રતનજી ઉકડિયા—કાંજણ
જાનાભાઇ જગાભાઇ—અંબાચ
કીકાભાઇ નેમાભાઇ—ખાનપુર
ભંગિયાભાઇ લાખણિયા—ગડત
રૂપસી વાલજી—જેશંગપોર
કેશવભાઇ સુખાભાઇ—અલગટ
ઘેલાભાઇ કાથડિયા—બેડમીન [ગુજરી ગયા]
વસનજી કેશવજી—જેશંગપોર
રૂપજીભાઇ જોશીયાભાઇ—વેડછી
વનમાળીભાઇ ટાંગણીયા—ધાસીયામેડા
ગોમજીભાઇ લાલાભાઇ—વેડછી
રૂપસિંગ નાથાભાઇ—ધાસીયામેડા
સોમાભાઇ બાબરભાઇ—વેડછી
રૂપલાભાઇ અધરાભાઇ ,,

* આ અહેવાલ પ્રકટ કરતી વખતે અમને નોંધ કરતાં આનંદ થાય છે કે એક ભાઇ ગુજરી ગયા તે સિવાયનાં સૌ ભાઇબ્હેનોએ પોતપોતાની પ્રતિજ્ઞા પાળી છે.

નરસીભાઇ રૂપલાભાઇ વેડછી
હાંસજી નરસીભાઇ „
ગોસાભાઇ સરાદીયા—બેડા
જીવાભાઇ નરસીભાઈ „
ઠાકોરભાઈ જેકીશનદાસ—ઉખલદા
વલ્લભભાઈ જાગરીઆ—વેડા
વજાભાઈ દાનાભાઇ „
સૌ. સામીબ્હેન રતનજી—કાંજણ
સૌ. રતનબ્હેન ગોમજી—વેડછી
સૌ. બાલાબ્હેન કીકાભાઇ—ખાનપુર
સો. દંડી ગુરૂજી—વેડછી
શામજીભાઇ ચીમટાભાઈ—વેડછી

સરકારોને મહાત્માજીની અપીલ

પરિષદમાં કાળીપરજ વસતિવાળાં જુદાં જુદાં રાજ્યોને પીઠાં ઉઠાડી લેવાની વિનંતિ કરવામાં આવી છે. મહાત્માજીએ 'યંગ ઇન્ડીઆ'માં લેખ લખીને એ રાજ્યોને તેમજ પારસી ભાઇઓને કાને આપણી અરજ પહોંચાડી છે. એ લેખનો તરજુમો નીચે આપ્યો છે:—

એક અપીલ

કાળીપરજ વિષે કેટલુંક 'મારી અઠવાડિક નોંધમાં વાચક જોશે. ગુજરાતની બહાર કાળીપરજ એટલે શું એ પણ ઘણા નહિ સમજે, તેનો શબ્દાર્થ કાળી પ્રજા—કાળા લોકો એવો થાય છે. પોને પોતાને ઉંચા માનનારા લોકોએ ગુજરાતની એક કોમને આવું નામ આપેલું છે. ચામડીનો વર્ણ જોઇએ તો તો કાળીપરજના લોકો બીજાઓ કરતાં કાળા કે જુદા પડતા નથી. પરન્તુ આજે તેઓ કુચડાએલા, અનાથ, વહેમોમાં માનનારા અને ભયભીત છે. એમનો મોટામાં મોટો દુર્ગુણ દારૂ પીવાનો છે. આ કોમની એકંદર વસતિનો મોટો ભાગ વડોદરા રાજ્યમાં વસે છે.

આ લોકોની અંદર ત્રણ વર્ષ ઉપર મોટી જાગૃતિ આવી ગઇ. હજારોએ દારૂ તાડીનો અને માંસનો પણ ત્યાગ કર્યો. દારૂ તાડીના વેપારીઓને એ બહુ ભારે પડી ગયું. આ વેપારીઓ ઘણાખરા પારસી છે. એમ કહેવાય છે કે એ લોકોએ શુદ્ધ થએલાઓને પાછા દારૂ પીતા કરવાને જેટલી બની શકે તેટલી કારીગરી અજમાવી. તેમાં ઘણે અંશે ફાવ્યા પણ ખરા. અમલદાર વર્ગે પણ સુધારકોની સામે પડવાનો અંદરખાનેથી ઠરાવ કરેલો

કહેવાય છે. અને આજે હવે આ બધા કારસ્થાનોના પરિણામમાં હો કે બીજા કોઇ કારણસર હો, પણ આ લોકોમાં એક એવો વર્ગ જાગ્યો છે કે જે દારૂને વર્જવો એ પાપ છે એવો ઉપદેશ આપે છે, અને જે પોતાના દિલ સાથે તેમજ વંશપરંપરાથી વારસામાં ઉતરેલા એક વ્યસનની સામે ઝૂઝી રહેલાઓના હૃદયબળને—તેમના ઉત્સાહને તડાં પડાવીને અને તેવા અનેક માર્ગે તોડવાની પેરવી કરી રહ્યા છે.

કાળીપરજ પરિષદ કે જેની લાંબી નોંધ મેં આ અંકમાં બીજે સ્થળે લખી છે. તેણે પસાર કરેલા ઠરાવમાં એક એ છે, કે વડોદરા, ધરમપુર અને વાંસદાના રાજ્યોને તેમજ અંગ્રેજ સરકારને પણ સઘળાં પીઠાં ઉઠાવી લેવાનું કહેવું. કોઇ કહેશે, આ તો ભારે મોટો હુકમ કહેવાય. વળી કોઇ કહેશે કે મદ્યની સદંતર અટકાયત કરવાનો એકવાર આખા દેશે મહા પ્રયાસ કરેલો તે પાણીમાં ગયો તો પછી સાવ નિરાધાર એવાં થોડાં મૂઠીભર સ્ત્રીઓ અને પુરૂષોના જોર વગરની અરજથી તો શું વળે ? આ દલીલમાં પુષ્કળ વજુદ રહેલું છે. અને છતાં આ બે પ્રયાસોનાં મૂળ જુદાં જુદાં છે. ૧૯૨૧ વાળો પ્રયાસ અંગ્રેજ સરકારની સામે અસહકારીઓએ અજમાવ્યો હતો, જેઓ સરકારની પાસેથી સત્તા પડાવી લેવાને માટે નીકળી પડયા હતા. વળી બીજું એ પ્રયાસના અજમાવનારાઓ એવા લોકો હતા કે જેમને દારુના પીઠાં હોય તેથી કંઇ અંગત નુકસાન થયું ન હતું. આજની વીનવણી થાય છે તે એઓના તરફથી થાય છે કે જેઓ આ બદીના પાસમાં સપડાયા છે. આ બળિયા પ્રત્યે નિર્બળની વિનવણી છે તે એકલી અંગ્રેજ સરકારને નહિ પણ લાગતાં વળગતાં સર્વે રાજ્યોને કરવામાં આવી છે. આ લોકો કંઇ અસહકારી નથી. એમને તો સહકાર અને અસહકાર એક. એ બેમાં શો ફેર એની યે ગતાગતમ નથી. સ્વરાજ શું એનુંયે એ લોકોને જ્ઞાનનથી. એમને માટે તો મદ્યપાનનો ત્યાગ કરવો અને દારૂતાડીની દુકાનરૂપી લાલચને દૂર કરવી એ જ સ્વરાજ છે, એટલે આ લોકોની વીનવણી એ દયા ધર્મના સમયસર જતી હોઇ રામબાણ નીવડવી જોઇએ.

તેઓએ લાગતાં વળગતાં રાજ્યોને ઉદ્દેશીને જે ઠરાવ કર્યો છે તેનો અમલ કરવા હું પરિષદના પ્રમુખ તરિકે બંધાએલો છું, અંગ્રેજ સરકારને વિનવણી કરવાની તે તો ધારાસભાના સભ્યો દ્વારા જ થઇ શકે. કેળવણી ખાતાને ભૂખે મારવાનું જોખમ વહોરવું પડે તો પણ દારૂની આવકને જતી કરવી એ ધારાસભાના સભ્યોના હાથની વાત છે. તેમને મારી તરફથી

આમંત્રણ છે કે તેઓએ આ લોકોને મળવું અને સ્ત્રીઓ અને પુરૂષોની એક આખી જાતિ આ પીડાથી કેવી નાશ પામી રહી છે તે પોતાની સગી આંખે જોઈ જવું. પોતાના દેશભાઈઓને બચાવવા હોય તો તેમણે ખરૂં પગલું ભરવાની હિંમત કરવી ઘટે છે.

વડોદરા, ધરમપોર અને વાંસદાનાં રાજ્યોની જુદી સ્થિતિ છે. તેઓ તો, ધારે તો દારૂ તાડીની દુકાનો બંધ કરી પોતાની પ્રજાને તેમજ પોતાને પણ વિનાશમાંથી ઉગારી શકે છે. 'પોતાને' એવું સર્વનામ હું વિચારપૂર્વક વાપરૂં છું, કારણ કે નાનાં રાજ્યોમાં રૈયતનો મોટો ભાગ નાશ પામે એનો અર્થ તેમનો પોતાનો જ નાશ. પોતાના આંતરિક વૈરીઓ ઉપર વિજય મેળવવા મથી રહેલા લોકો મદદ માગે છે તેમની વિનવણીને શું આ રાજ્યો કાને નહિ ધરે ?

અને પારસી પીઠાંવાળાઓ ? હું જાણું છું કે તેમને માટે આ પેટનો સવાલ છે. પણ તેઓ મનુષ્યજાતિમાં સૌથી સાહસિક જાતિઓમાંની એક જાતિના છે. તેઓ હિંમતવાળા અને બુદ્ધિશાળી છે. તેઓ ધારે તો રહેલાઇથી ગુજરાનનાં બીજાં આબરૂ ભરેલાં સાધન શોધી શકે છે. આજ પહેલાં પણ અનેક સ્ત્રી પુરુષોએ શંકા પડતા ધંધાઓનો ત્યાગ કરી સમાજની નીતિને ઉપકારક એવા ધંધારોજગાર અખત્યાર કર્યા છે એવો જગતનો અનુભવ છે. પારસીઓને એ વાત કહેવાનો મને હક છે એવો મારો દાવો છે. કારણ હું તેમને ઓળખું છું અને તેમને ચાહું છું. મારા ઉત્તમોત્તમ સાથીઓમાં કેટલાક પારસીઓ હતા અને હજી છે. એ કોમે ભારતવર્ષ માટે બહુ કર્યું છે. તેમણે દાદાભાઈ અને ફિરોઝશાહ મહેતા આપ્યા છે. જેઓ ઘણું કરે તેમની પાસેથી વધારેની આશા રહે જ. દારૂનો વેપાર કરનાર પારસીભાઈઓ શુભ શરૂઆત દાખલ આટલું કરો કે શુદ્ધિના કાર્યમાં વિઘ્ન (એ આરોપ સાચો હોય તો—) નાખવાનું છોડી દેવું.

('યંગ ઇન્ડિઆ' તા. ૨૨-૧-૨૫) મોહનદાસ કરમચંદ ગાંધી

હિસાબ

ઉપજ ખર્ચ

પરિષદને અંગે સ્વાગત-મંડળને હસ્તક જે ઉપજ ખર્ચ થયો છે તેનો હિસાબ પાછળ આપ્યો છે. તે ઉપરથી જોવામાં આવશે કે ફક્ત ૩૦૦ રૂા.ની અંદરજ આવી મોટી પરિષદનું કામ ઉકલી ગયું છે કારણ કે ઘણું ખરૂં કામ વગર પૈસે જ થયેલું છે. સ્વયંસેવકો પોતાને ઘેર જમે અને બતાવેલું કામ કરી જાય.

આ પરિષદમાં લોકો તરફથી મહાત્માજીને નાણાં અને સુતરની ધરાયેલી ભેટ તેઓશ્રી વેડછી આશ્રમને કાળીપરજના કામમાં વાપરવા આપતા ગયા છે.

૭ આભાર

ત્રીજી કાળીપરજ પરિષદ વિષે સંઘરવા લાયક બધી હકીકતો આ અહેવાલમાં અમે મૂકી શકયા તે માટે શ્રી. જુગતરામભાઇના અમે આભારી છીએ. હવે જેઓની મહેનત વગર પરિષદ શોભા તેવી શોભી શકત નહિ તે સર્વનો આભાર માનવાનો રહે છે.

પહેલો આભાર સ્વાગત મંડળના સર્વ સભ્યોનો જેમણે ધન અને તનથી મદદ કરી છે.

બીજો આભાર જુવાન સ્વયંસેવકોનો, જેમણે રાતના દિવસ કરીને પરિષદને સફળ કરી છે.

ત્રીજો આભાર અમારી ભજન મંડળીના ભાઇઓનો અને ખાસ કરીને માસ્તર વેસ્તા ભગતનો, જેઓએ તે દિવસે ભજનમાં પોતાનું હૃદય ઠાલવ્યું હતું.

ચોથો આભાર વેડછીના લોકોનો, જેમણે પોતાના ઘરમાં જ કંઇક શુભ પ્રસંગ હોય તેમ મોઢે માંગી જાત મહેનત આપી છે અને ગાડી બળદ સર સામાન જે કંઇ માગી તે ચીજ રાજીખુશીથી આપી છે.

પાંચમો આભાર વાલોડના ઉજળીઆત ભાઇઓનો. તેમની મદદ ન હોત તો અમારાં રંક ઝુંપડાંમાંથી મોંઘા મહેમાનોનાં યોગ્ય સન્માન શી રીતે થાત?

છઠ્ઠો આભાર બારડોલી વેડછી અને અલગઢના આશ્રમવાસીઓનો.

ચોથી પરિષદ

સ્થળઃ—મઢી-સુરાલી, તાલુકે બારડોલી.
દિવસઃ—૨૯. નવેમ્બર, ૧૯૨૫.
પ્રમુખઃ—શ્રી દયાળજી નાનુભાઇ.
સ્વાગત પ્રમુખઃ—રામા કલિયા.
મંત્રીઃ—માનસિંગ ગોજીઆ.
સંખ્યાઃ—૭૦૦ બ્હેનો અને ૧૫૦૦ ભાઇઓ
ખાદી પ્રદર્શનની પણ પરિષદ સાથે વ્યવસ્થા થઇ હતી.

પ્રારંભઃ—

એક વાગે વેડછીની ભજન મંડળી અને બીજાં કાળીપરજનાં બાળક બાળાઓના ભજનથી પરિષદની શરૂઆત થઇ.

સ્વાગત પ્રમુખના ભાષણ પછી શ્રી દયાળજીભાઇએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. નવસારી પ્રાંતના માજી સુબા સાહેબ દેશપાંડેજી અને દરબાર સાહેબ આવી ન શકવાથી છેક છેલ્લી ઘડીએ શ્રી દયાળજીભાઇને માથે પ્રમુખપદનો ભાર આવી પડયો. તેમણે પોતાનું સ્થાન લીધા પછી શ્રી નરહરિભાઇએ મહાત્માજીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

મહાત્મા ગાંધીજીનો સંદેશો

કાળીપરજની પરિષદ વરસો વરસ થયાં કરે છે એથી હું બહુ રાજી થાઉં છું. મારી એ ઉમેદ છે કે મદ્યપાન છોડવાની, ખાદી પહેરવાની તથા રેંટીયો ચલાવવાની પ્રતિજ્ઞાઓ ગઇ પરિષદમાં લેવામાં આવી હતી તે પ્રતિજ્ઞાનું સંપૂર્ણ પાલન જેણે જેણે પ્રતિજ્ઞા લીધી છે તેઓ કરતા હશે. જેણે એ પ્રતિજ્ઞાનો ભંગ કર્યો હોય તે ઇશ્વરથી ડરે, જાગ્રત થાય અને પોતાની ભુલ સુધારે. જેઓએ પ્રતિજ્ઞા લીધા નથી તેઓ લે અને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાની શકિત મેળવવાને ખાતર રામનામનો જાપ હ્રદયથી જપે.

મોહનદાસ કરમચંદ ગાંધી

સહાનુભૂતિના સંદેશાઃ—

ડૉ. સુમંત, શ્રી અમૃતલાલ ઠક્કર, શ્રી રંગીલદાસ કાપડિયા, શ્રી દેશપાંડેજી, શ્રી દરબાર સાહેબ અને શ્રી ચાંદોરીકર વગેરે તરફથી આવેલા સહાનુભૂતિના પત્રો વાંચવામાં આવ્યા હતા. ડૉ. સુમંતનો સંદેશો પાછળ છાપ્યો છે.

સંભાવિત ગૃહસ્થોઃ—

પરિષદમાં સસ્તા સાહિત્યવાળા સ્વામી શ્રી અખંડાનંદજી, શ્રી લક્ષ્મીદાસભાઇ, કુંવરજીભાઇ, જુગતરામભાઇ, કલ્યાણજીભાઇ, કેશવભાઇ, ખુશાલભાઇ,

નર્મદાશંકર પંડ્યા, કનૈયાલાલ નાનાભાઇ દેસાઇ, પરીક્ષિતલાલ મજમુદાર, બારાવાળા ગોપાળજીભાઈ વકીલ, જોહાન્સબર્ગવાળા ભીખાભાઇ કશનજી પટેલ, શિયાદલાવાળા મોરારભાઈ અને યુવકમંડળના સભ્યો તેમજ મઢીના આગેવાન ગૃહસ્થોએ હાજરી આપી હતી.

પ્રમુખનું ભાષણ:—

આજે વંચાયલો એક મહાત્માજીનો જ સંદેશો બરાબર સમજીને વર્તનમાં મુકો તો પરિષદમાં આવ્યું કામ આવે. દારૂતાડી છોડવા, ખાદી પહેરવા અને રેંટીઓ ચલાવવા ગઇ સાલે જે સોગંદ લીધા હતા તેની યાદ તેમણે દેવડાવી છે. આજના સ્વાગત પ્રમુખે જણાવ્યું તેમ તેઓ પોતે ખુબ દારુ પીતા અને ખુવાર થતા પણ હવે તેમનું વ્યસન ગયું છે, એટલે પાંચ પૈસા બચ્યા છે ને મોઢા ઉપર તેજ પણ આવ્યું છે. જેથી તેમની અને અમારી વચ્ચે કશો ફેર નહિ દેખાય.

ભાઇઓ, જે લોકો કાળીપરજના નથી તેમની ફક્ત સહાનુભૂતિથી તમારી બાજી નહિ પાકે. તમારા સેવકો તમારામાંથી જ પાકે, અને તમારી ઉન્નતિ કરે એવી લુખ્ખી શીખામણની અસર કંઇ નથી થતી. મારે જો તમારી સેવા કરવી હોય તો તમારી વચ્ચે આવીને, તમારી માફક તમારા જેવા થઇને રહેવું જોઇએ. આજે મહાત્મા ગાંધીજીને લોકો આટલું માન આપે છે અને પૂજે છે કારણ એ મહાપુરુષ ગરીબની વચ્ચે રહેતાં શીખવે છે, પોતે ગરીબની માફક રહે છે અને તેના દીલમાં તમારા જેવા ગરીબોને માટે સ્થાન છે. હું પ્રમુખ થવાને લાયક નથી. મનમાં છે કે તમારી માફક રહું પણ એ શુષ્ક ખાલી ઇચ્છા શા કામની? સ્વામી આનંદાનંદજી આજે કહેતા હતા કે જેનાં પેટ ભરેલાં છે તેને શું કામ ખવરાવો છો? તેઓ માંદા પડશે, તેમનાં પેટ ફાટી જશે. જેઓ પડેલા હોય, મરણ પથારીએ હોય તેની સેવા કરવી? કે રાતો માતો હોય ને સહેજ કાંટો વાગે તેની? હું ઇચ્છું છું કે મહાત્માજી અને સ્વામીજી જેવાના આર્શીવાદથી અમારાંમાં હૃદયપલટો થાય અને તમારી વચ્ચે આવી સેવા કરવાની ઇચ્છા થાય.

ભાઇઓ, આ સ્થિતિમાં તમને શું કહું? ખાલી શિખામણ શું કામની? હિંદમાં ૩૨ કરોડમાંથી ઉજળા કોમના તો થોડાક કરોડ જ હશે. મોટો ભાગ તમારા જેવાનો છે. એટલે થોડા ઉજળા સુધરે તેથી દેશનું દળદર ન વળે. દુનિયાના બીજા લોકો શું કરી રહ્યા છે? આપણા પર રાજ્ય કરનાર અંગ્રેજો એક વખત તમારી માફક લંગોટીભેર ફરતા. તેઓ આજે દુનિયાપર રાજ કરી રહ્યા છે. હમણાંની પહેલાંના વિલાયતના પ્રધાન મજુર વર્ગના હતા. ત્યાં રાજા છે પણ રાજ તેની મરજી મુજબ ન ચાલે; જેમ બધા લોક કહે તેમ રાજા મતુ મારે. વિલાયતમાં

પહેલાં રાજા, જમીનદારો, ઉમરાવો, અને મુડીવાળાઓનો અમલ ચાલતો. પછી સામાન્ય લોકો કેળવાયા અને ઉમરાવોની બરાબરી કરવા લાગ્યા અને આખરે મજુર વર્ગ સત્તા ઉપર આવી ગયો અને ૫-૨૫ વર્ષે વધારે મક્કમપણે પાછો આવશે. રૂશિયામાં આજે એક વખતના દબાયલા લોકોના હાથમાં સત્તા આવી છે. દુનિયામાં બનતી વાતોથી જાણકાર થાઓ. પ્રયત્ન કરશો તો મહાપદ પામશો. આજે તમારો સત્તા મેળવવાનો અભિલાષ નથી. પણ તમે કચડાયલા, દબાયલા, અને ધાકમાં રહો છો તેમાંથી છૂટવા માટે તમારે સુધરવાની જરૂર છે. અધિકારીઓ સમજે કે તેઓ સેવા માટે છે; અધિકાર માટે નહિ. પોલીસ ડરાવવા માટે નહિ પણ સુધરેલા દેશમાં લોકોની સેવાને માટે હોય છે. પણ અહીં તો કાળાં કપડાંવાળાને રસ્તો પૂછતાં ધાક લાગે છે. અહીં પોલિસનો ધાક, આબકારી ખાતાંનો ધાક, ધાક ધાક ને ધાક જ. રખેને કોઈ સાચી ખોટી રીતે ખોસી ઘાલે, ઇશ્વરે બધાને એક સરખા હાથ, પગ, માથાં આપેલાં છે તો આપણે કોઇથી દબાવું નથી ને કોઇને દાબવા નથી. સંકટમાં એક એકને પડખે ઉભા રહેતાં શીખવું જોઇએ.

દારૂ તાડીમાં પૈસા ખરચી નાખીએ, ચોરી કરીને પણ દારૂના વ્યસનને વળગી રહીએ ત્યાં સુધી પેસ્તનજી ને મેરવાનજીના ગુલામ થઇને રહેવું પડશે. મારી વિનતિ છે કે હિંમતથી માણસ તરીકે જીવતાં શીખવું હોય તો દારૂ તાડીનાં વ્યસન વગર જીવતાં શીખો. પ્રમાણિક મહેનતથી રોટલો રળો, ઘેર ગાયો પાળો, કપાસ પકવી ઘેર કાંતીને ઘરમાંજ શાળ ચલાવી કપડાં વણી શીવીને વાપરતાં શીખો. પછી દુનિયામાં તમારે કોઇને નમવું ન પડે. સાથે થોડું જ્ઞાન જોઇએ તે જરૂર જોગું મેળવી લો એટલે તમે માણસ તરીકે ખરૂં જીવન ગાળી શકશો.

મહાત્મા ગાંધી કહે છે તેમ દુઃખ વખતે રામનામ લેવું. રામનામથી તમારો ભય જતો રહેશે. બીજી બાબતોમાંથી આ તો મેં મુખ્ય મુખ્ય મુદ્દાની વાત કહી. તમારી વચ્ચે વેડછી જેવા આશ્રમની ઝુંપડીમાં તમારી સેવા માટે ચુનીભાઇ જેવા બ્રાહ્મણ આવીને વસેલા છે. તેવા ભાઇઓનું કહ્યું માનશો તો તમારી ઉન્નતિ જલદી થશે.

ઠરાવો:—

પરિષદે માત્ર બેજ ઠરાવો કર્યા હતા.

૧, દારૂ તાડી છોડવાનો:

૨. રેંટિયા તથા ખાદી પ્રચારનો.

આભાર:—

બહારના આગેવાન મેમાનોનું સુંદર સ્વાગત અને ભોજન વગેરે વ્યવસ્થા પોતાને ખર્ચે ઉમંગથી કરનાર કરમસદ નિવાસી મઢીના વેપારી શ્રી

શિવાભાઇ પટેલનો, સ્વયંસેવકો માટે ભોજન સામગ્રી આપવા માટે શ્રી ચુનીલાલ કંપનીનો, બીજી અનેક જાતની મદદો માટે શિયાદલાના ઉત્સાહી યુવક મંડળના પ્રમુખ શ્રી મોરારભાઈ અને સભ્યોનો, આભાર માનવામાં આવ્યો હતા. સ્વામીશ્રી અખંડાનંદજીએ ૧૦૦ ગીતા કાળીપરજ ભાઇઓમાં વિના મૂલ્યે વહેંચી હતી તેમનો તેમજ પરિષદનાં કાર્યને પોતાના ઉમંગભર્યા અથાગ પરિશ્રમથી સફળ કરનાર વેડછીની ભજનમંડળીવાળા શ્રી ગોમજીભાઈ, ફ્જુભાઇ, વેસ્તાભાઇ, રામભાઈ અને જીવણ પટેલને અભિનંદન ઘટે છે.

ડૉ. સુમંતનો સંદેશો

પાટણ ૨૮-૧૧-૨૫

ભાઇ શ્રી કેશવભાઇ,

તમારો કાગળ (૨૫-૧૧--૨૫) મળ્યો...........દરરોજ ઝીણો તાવ આવે છે. લોકો સાથે વાતો કરવાનું છોડી દીધું છે. લખવાનું, વાંચવાનું ભાષણ કરવાનું બીલકુલ છોડયું છે. ઇશ્વરકૃપાથી શરીર સુધરશે તો યથાશક્તિ કાળીપરજ કહેવાતા ભાઇઓની કાંઈ સેવા કરવા પ્રયત્ન કરીશ.

પરિષદને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું. જો આ કાગળ વખતસર પહોંચે તો મારા તરફથી એ ભાઇઓને નીચે પ્રમાણે સંદેશો આપશો.

"જાતે મુઆ સિવાય સ્વર્ગમાં ન જવાય એવી કહેવત છે તે પ્રમાણે જ્યાં સુધી તમે તમારી પ્રજાને સુધારવા માટે આત્મભોગ આપીને કામ કરશો નહીં ત્યાંસુધી બહારના મદદગાર ભાઇઓના પ્રયત્નો સફળ નહીં થાય. મારી સંપૂર્ણ ખાત્રી થઇ છે કે તમે આત્મશુદ્ધિને માર્ગે ચઢયા છો. ભેગા થાઓ, પ્રચાર કરો, ઉપદેશ કરો, ભજન મંડળીઓ સ્થાપો અને તેની મારફત ઉપદેશ કરો. દારૂ છોડયા વિના તમારો છુટકારો નહીં થાય. જે ઠરાવોનો અમલ કરવાની ખરેખરી હિંમત હોય તેવાજ ઠરાવો પસાર કરજો. તમને જરૂર ઇશ્વર સહાય કરશે.

જે ભાઇઓ તમને મદદ કરે છે, તમને ખરા અંતઃકરણથી મદદ કરજો. જે કોમ પછાત હોય અને દારૂ છોડતી ન હોય તેમને વિનયપૂર્વક સમજાવશો, જે દુબળા લોકો ગુલામ થઇને રહે છે તેમનામાં જાગ્રતિ આણજો, એટલી મારી વિનતિ છે."

આ પ્રજામાં સ્વમાનની લાગણી પેદા થઇ છે. તેને ખીલવવાની છે. ખેતી અને બીજા ઉદ્યોગોને લીધે તેમની આર્થિક સ્થિતિ સુધરશે. એ બીજા ઉદ્યોગોમાં કાંતવા વણવાનો સમાવેશ થશે. ઉદ્યમ એ આખી હિંદી પ્રજાને શીખવાડવાનો છે.

લી.

સુમન્ત મહેતાના વંદન

ઉપજખર્ચનો હિસાબ

ત્રીજી કાળીપરજ પરિષદ—વેડછી

જ

૨૯૭—૮—૦ સ્વાગત મંડળના સભ્યોના લવાજમના.
જુઓ પરિશિષ્ટ-૧

૧૩—૪—૦ વેડછી ભજન મંડળી ખાતે જમા.
સિલક હતી તે રીપોર્ટ છપાવવા આપી.

૩૧૦—૧૨—૦

ઉ

૯૯—૪—૬ સાહિત્ય, શણગાર અને સ્ટેશનરી ખર્ચ. કાથી, વાંસ, પટા તથા ફુલની ખાદી, સિલાઇ, રંગ, કાર્ડબોર્ડ, કાગળો, સાદડી વગેરેના

૨૯—૮—૦ રસોડા ખર્ચ.

૬-૧૧-૦ મુસાફરી ખર્ચ.

૨૬—૦—૦ છપામણી ખર્ચ.

૩૦-૧૪-૦ ટપાલ ખર્ચ.

૧૦૦—૦—૦ પ્રચારક લવાજમ ત્રણ પ્રચારકોના ખર્ચના.

૨૯૨—૫—૬

૧૮—૬—૬ બાકી સિલક

૩૧૦—૧૨—૦

ગોમજી લાલા ચોધરી,
મંત્રી, ત્રીજી કાળીપરજ પરિષદ—વેડછી

ચોથી કાળીપરજ પરિષદ-મઢી

જ		ઉ	
૮૯—૦—૦	સ્વાગત મંડળના સભ્યોના લવાજમના. પરિશિષ્ટ-૨.	૪૨-૧૦-૬	સાહિત્ય શણગાર, સ્ટેશનરી વ૦ ખર્ચ
૫-૧૦-૦	માલના વેચાણના.	૨૨—૦—૦	છપામણી ખર્ચ
૯૪-૧૦-૦		૮—૯—૦	ટપાલ ખર્ચ
		૨-૧૩-૦	સ્વયંસેવક દળનો ખર્ચ
		૯—૭—૬	મુસાફરી ખર્ચ
			૮૪—૮—૦
		૧૦—૨—૦	સિલક મંત્રી પાસે
			૯૪-૧૦-૦

માનસિંગ ગોહ્યા
મંત્રી, ચોથી કાળીપરજ પરિષદ.

પરિશિષ્ટ—૧

ત્રીજી પરિષદ વેડછી

સ્વાગત મંડળના ૩૪૪ સભ્યોનું લવાજમ

૫ રતનજી દુંપળિયા
૫ કાપુડિયા લાછલીયા
૫ કેશવા રતના
૫ લાખાભાઈ ભીકા
૫ સોમા બાબર
૫ જોશીઆ અધરા
૫ જીવણ બાબર
૫ દેવજી જોશીઆ
૫ કસના વસાવા
૫ નારણજી બાબર
૫ ભુલા રડગા
૪ હોલીયા જુઠા
૩ રામા ભીકા
૨ ગોમજી લાલા
૨ મકન વેસ્તા
૨ ધનજી ભીમા
૨ દુલ્લભ જોગલા
૨ ઇસા રામજી
૨ હાંસજી ઝીણા
૨ ગુલાબ મોતી
૨ લીમજી કાળા
૨ દામા હરિભાઈ
૨ ગુલાબચંદ કેસુરજી
૧॥ સરાખીઆ પરાગીઆ
૧॥ છગદા નાસણા
૧ છના મોરાર
૧ જમસી મગના
૧ રાલા લીમજી
૧ મંછુભાઈ માણકા
૧ કીકાભાઈ નેમાભાઈ
૧ મકન કોટલા
૧ રૂવજી જોશીઆ
૧ રણછોડ જીવણ
૧ જમસી જીવણ
૧ સોનજી હાટીઆ
૧ ફુજુ જીવણ
૧ બાબીયા ઉકરા
૧ ભંગીઆ લાછણીઆ
૧ ઉકાભાઈ લાછણીઆ
૧ ટેડીઆ નરસંઈ
૧ મોતી રાયા
૧ રામા પરભુ—પરભુ ગોવન
૧ હરિ રામા—રણછોડ ઉકા
૧ ખુશાલ ગોવન-માવજી ગોવન
૧ દલા મકલા
૧ બીમા સીમાણા
૧ જમા લાછણીઆ
૧ રતનજી ઉકડિઆ
૧ માનસીંગ ગોજીઆ
૧ જેરામ પરાગ
૧ લખા પરભુ
૧ ભુલા નરસંઈ
૧ વલ્લભ ગોવિંદ
૧ રંગજી કીકા

૧ જેરામ ગોડાં
૧ વરસા ધુરીઆ
૧ નાથીઆ ઇચ્છા
૧ કાળા માનસીંગ
૧ કેસા બાબર
૧ ગાજીઆ કસના
૧ ઝવેર બખતર
૧ મંછા બાબરીયા
૧ ચાપલા નાણુજી
૧ રૂપજી નાણુજી
૧ માધુ ડુંગરીઆ
૧ ધનજી પાના
૧ સંભા બેચર
૧ મટાર વજર
૧ દાના ગુલબા
૧ હાંસજી રૂપા
૧ દુલાસિંગ ભલાભાઇ
૧ ખુશાલ નરકા
૧ ચાખડ માંજલા
૧ રાયા સુરીઆ
૧ વલભા માના
૧ માનસિંગ ડોલા
૧ જોગલા રવજી
૧ નારણુ ઉકડા
૧ નાના રંગજી
૧ સુખા ગાગજી
૧ કેશવભાઇ સુખાભાઇ
૧ પરશુભાઇ જાસુડીયા
૧ માધવભાઇ રણુછોડ
૧ પરશુ હારિયા
૧ મેળડા મંગલા
૧ શરાદીઆ ગાભણુ
૧ કીકા ભેકલા
૧ ફુલીઆ ભેકલા
૧ જોગા હીરજી
૧ દીતીઆ રડીઆ
૧ કસના નાથીઆ
૧ મોતીભાઇ ગોપાળ
૧ રૂમસીભાઇ કોયલા
૧ રણુછોડ જમના
૧ સુખા ગટીઆ
૧ કાનજી છીમા
૧ હાજીભાઇ ખુશાલ
૧ હાજીભાઇ ભૂલા
૧ જેરામભાઇ રણુછોડ
૧ નારણુ સુખા
૧ મકન જેસીંગ
૧ ફકીરભાઇ માધવભાઇ
૧ દેવજીભાઈ ભીમાભાઇ
૧ જમસિંહ જીવણુ
૧ સોનજી હાટીઆ
૧ રાયસિંગ હાંસજી
૧ ચાંદીઆ હાંસજી
૧ ગુમા કીબલા
૧ કીકાભાઇ નરસીંહ
૧ ગુરજી મહેતા
૧ માંવજી જાના
૧ કમલાભાઇ રેવભા
૧ ઢેડીયા ગલીયા
૧ નાથીઆ શામળા
૧ દાના પરાગીયા
૧ ગાસા વલભા

૧ હરિભાઇ અમાભાઇ
૧ નરસિંહ રડીઆ
૧ ભીખાભાઈ ફકીર
૧ સુખાભાઇ નાનાભાઇ
૧ હીરાભાઇ સુખાભાઇ
૧ ઝીણા જીવલા
૧ નરસંઇ કલાણુ
૧ મોતીઆ વીરીઆ
૧ રામા કલાણુ
૧ કેશવરામ દલપતરામ
૧ છગનલાલ મુળચંદ

૧૮૭-૮-૦

૧૧૦-૦-૦ આઠ અને ચાર આનાવાળા સભ્યોનાં લવાજમ

૨૯૭-૮-૦

પરિશિષ્ટ—૨

ચોથી પરિષદ—મઢી

સ્વાગત મંડળના ૧૮૩ સભ્યોનું લવાજમ

૧૦ શામા કલિયા
૫ વસનજી પોસલા
૨ ઢેડિયા રાસીંગ
૨ ગોમજી લાલા
૨ માનસીંગ ગોજીઆ
૨ વાલજી ઢેડીયા
૨ વેસ્તા મોચડા
૨ કીકમ દુપરા
૧॥ લાલા ફકીર
૧ બાબર રાજારામ
૧ ગામના વીરાયા
૧ દેવા રણછોડ
૧ રાણજી નાથીઆ
૧ ટેવલા ખાતરા
૧ કસના સરાધીઆ
૧ પુનાભાઇ સુખાભાઇ
૧ ભંગીઆ ઉકડીયા
૧ જીવણુ બાબર
૧ બાવા રાસીંગ
૧ વજા ચીમટા
૧ ઠગીયા રઘલા
૧ નાનીઆ ઢેડિયા

૪૧-૮-૦
૪૭-૮-૦ આઠ, ચાર અને બેઆના વાળા સભ્યોનું લવાજમ

૮૯-૦-૦

પરિશિષ્ટ—૩

ત્રીજી અને ચોથી પરિષદના સ્વયંસેવકો

સ્વયંસેવક સેનાપતિ—કીકાભાઇ નેમાભાઇ

૧ ગોમજીભાઇ
૨ ફૂજીભાઇ
૩ માનસિંગભાઈ
૪ ભાવસિંગભાઈ
૫ નગીનભાઈ
૬ રણછોડભાઈ
૭ મોતીભાઈ
૮ છગનભાઇ
૯ માનસિંગભાઇ
૧૦ કેસુરભાઈ
૧૧ રેવજીભાઈ
૧૨ ગોવનભાઈ
૧૩ મકનભાઈ
૧૪ વસનજીભાઇ
૧૫ ઉકાભાઈ
૧૬ વજાભાઈ નરસિંહ
૧૭ તુસજીભાઈ
૧૮ મોતીભાઈ જેરામ
૧૯ હીરજીભાઈ
૨૦ ઓકગ મટાર
૨૧ દેડિયા રાયસિંગ
૨૨ વાલજીભાઈ
૨૩ રૂપસિંગ નેમલા
૨૪ લશ્કરી રામા
૨૫ રતનજીભાઈ
૨૬ વનમાળીભાઈ
૨૭ ભાવસિંગભાઇ
૨૮ હાંસજીભાઈ
૨૯ એકાભાઈ
૩૦ કેશાભાઇ બાબુભાઈ-ગડત
૩૧ જમશી તુલસી-ઉમરકચ્છ
૩૨ ચામલા રાવણ
૩૩ કસનજી રંગજી-જેશંગપુર
૩૪ સોમા ભોંટરિયા ,,

મુદ્રક: ભાઇલાલ ઝવેરભાઇ પટેલ
'નવયુગ' મુદ્રણાલય, લીમડાચોક—સુરત

સં. ૧૯૮૩ અને ૧૯૨૭

પ્રકાશક: છોટુભાઇ ગોપાળજી દેસાઇ
મંત્રી, બારડોલી તાલુકા સમિતિ
સ્વરાજ્ય આશ્રમ બારડોલી